Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 32 | 24 January 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# અમેરિકી પ્રભુત્વવાળી વ્યવસ્થાનો અંત આવ્યોઃ કેનેડિયન PM

## જૂની સિસ્ટમ હવે પાછી નહીં આવે, ટેરિફને હથિયાર બનાવવાનો આરોપ લગાવ્યો




કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું છે કે અમેરિકાના પ્રભુત્વવાળી વૈશ્વિક વ્યવસ્થા હવે સમાપ્ત થઈ ગઈ છે. તેમણે મંગળવારે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં યોજાઈ રહેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) માં આ વાત કહી.

તેમણે કહ્યું, "દુનિયા કોઈ બદલાવ તરફ નહીં, પરંતુ તૂટવા તરફ આગળ વધી રહી છે. હવે જૂની સિસ્ટમ પાછી ફરવાની નથી."

કાર્નીએ કહ્યું કે નિયમો અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ અનુસાર ચાલતી દુનિયાની જે વાત કરવામાં આવે છે, તે ખરેખર ક્યારેય સંપૂર્ણપણે સાચી રહી નથી. દુનિયા હંમેશાથી તાકાત અને પોતાના હિતો અનુસાર ચાલી છે.

કાર્નીએ સ્વીકાર્યું કે જૂની વૈશ્વિક સિસ્ટમથી કેનેડાને ફાયદો થયો. પરંતુ તેમના મતે હવે આ વ્યવસ્થા ટકાઉ રહી નથી.

### કાર્ની બોલ્યા- ટેરિફને હથિયાર બનાવવામાં આવી રહ્યું છે

કાર્નીએ કહ્યું કે નવી વાસ્તવિકતા એ છે કે શક્તિશાળી દેશો પોતાના હિતો સાધવા માટે આર્થિક સંબંધોનો ઉપયોગ દબાણ બનાવવા માટે કરી રહ્યા છે.

તેમના મતે, ટેરિફને હથિયાર બનાવીને દબાણ બનાવવામાં આવી રહ્યું છે, નાણાકીય સિસ્ટમ દ્વારા દેશોને મજબૂર કરવામાં આવી રહ્યા છે અને સપ્લાય ચેઈનની નબળાઈઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કાર્નીએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં આવેલા આર્થિક અને રાજકીય સંકટોએ દર્શાવ્યું છે કે જરૂરિયાત કરતાં વધુ વૈશ્વિક નિર્ભરતા કોઈપણ દેશ માટે ખતરનાક બની શકે છે.

### કેનેડા માટે રણનીતિ બદલવી જરૂરી

કાર્નીએ ચેતવણી આપી હતી કે હવે એવું માની લેવું ખોટું છે કે માત્ર જૂના ગઠબંધનો જ સુરક્ષા અને સમૃદ્ધિની ગેરંટી છે. તેમણે કહ્યું, "જ્યારે પરસ્પર જોડાણ જ તમને બીજાના દબાણમાં લાવી દે, ત્યારે તમે પરસ્પર ફાયદાના જૂઠાણામાં રહી શકતા નથી."

કાર્નીએ કહ્યું કે કેનેડાએ એવી નીતિ અપનાવવી પડશે, જે સિદ્ધાંતો પર પણ આધારિત હોય અને જમીન પર કામ પણ કરે. આ અંતર્ગત, ઘરેલું ક્ષમતાઓને મજબૂત કરવા અને કોઈ એક દેશ પર નિર્ભરતા ઘટાડવા માટે વ્યાપારી ભાગીદારોમાં વિવિધતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો.

### વૈશ્વિક સંસ્થાઓ નબળી પડી, દેશો પોતે તૈયાર રહે

કાર્નીએ કહ્યું કે વિશ્વ વેપાર સંગઠન અને સંયુક્ત રાષ્ટ્ર જેવી બહુપક્ષીય સંસ્થાઓ નબળી પડી છે. આવી સ્થિતિમાં, દેશોએ હવે પોતાની સુરક્ષા, ઊર્જા અને ખાદ્ય જરૂરિયાતો માટે પોતે જ તૈયાર રહેવું પડશે.

તેમણે કહ્યું, "જે દેશ પોતાને ખવડાવી શકતો નથી, ઊર્જા આપી શકતો નથી અને પોતાનો બચાવ કરી શકતો નથી, તેની પાસે બહુ ઓછા વિકલ્પો હોય છે."

આ પહેલાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ મંગળવારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે દુનિયા એવા સમયગાળા તરફ આગળ વધી રહી છે, જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદાઓ કચડાઈ રહ્યા છે.


મેક્રોને કહ્યું કે આવી દુનિયા ખતરનાક છે, જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદાનું કોઈ મહત્વ રહેતું નથી. જ્યાં શક્તિશાળી દેશો જે ઈચ્છે તે કરે છે અને નબળા દેશોને મજબૂરીમાં બધું સહન કરવું પડે છે.

તેમણે અમેરિકા પર આરોપ લગાવ્યો કે તેની વેપાર નીતિઓ યુરોપને નબળું પાડવા અને પ્રાદેશિક સાર્વભૌમત્વ વિરુદ્ધ કામ કરી રહી છે.

મેક્રોને કહ્યું કે આજે દુનિયા અસ્થિર થતી જઈ રહી છે. સુરક્ષાના મામલે પણ અને અર્થતંત્રના મામલે પણ. તેમણે કહ્યું કે 2024માં દુનિયાના ઘણા ભાગોમાં યુદ્ધ ચાલી રહ્યા છે અને ઘણા દેશોમાં લોકશાહી નબળી પડીને તાનાશાહી તરફ આગળ વધી રહી છે.

# બદ્રીનાથ ધામના કપાટ ખુલવાની તારીખ નક્કી:23 એપ્રિલે સવારે ભક્તો દર્શન કરી શકશે; ગંગોત્રી-યમુનોત્રીના કપાટ ખુલવાની તારીખ પણ જાહેર

ઉત્તરાખંડના ચમોલીમાં આવેલા બદ્રીનાથ ધામના કપાટ આ વર્ષે આજથી બરાબર ત્રણ મહિના પછી એટલે કે 23 એપ્રિલે ખુલશે. જ્યારે ઉત્તરકાશીના ગંગોત્રી ધામ અને યમુનોત્રી ધામના કપાટ 19 એપ્રિલે વિધિ-વિધાનથી ભક્તો માટે ખોલવામાં આવશે. વસંત પંચમીના અવસરે નરેન્દ્રનગર રાજમહેલમાં વિધિ-વિધાન સાથે બદ્રીનાથ ધામના કપાટ ખુલવાની તારીખની સત્તાવાર જાહેરાત કરી. પરંપરા મુજબ રાજપુરોહિત મહારાજા મનુજેન્દ્ર શાહની જન્મપત્રી અને લગ્ન પત્રિકા જોઈને શુભ મુહૂર્ત કાઢે છે. રાજપુરોહિત કૃષ્ણ પ્રસાદ ઉનિયાલના મતે, શુભ મુહૂર્ત નક્કી થયા પછી તેની જાહેરાત 'બોલંદા બદ્રીશ' મહારાજા દ્વારા કરાય છે. ટિહરી રાજપરિવાર સદીઓથી આ પરંપરા નિભાવતો આવ્યો છે અને આગળ પણ તેને ચાલુ રાખવાની વાત કહેવામાં આવી છે. આ વખતે યાત્રાની તૈયારીઓના ભાગરૂપે 7 એપ્રિલે ગાડુ ઘડા-



તલના તેલની પરંપરા પણ નિભાવવામાં આવશે, જેને બદ્રીનાથ ધામની યાત્રાની તૈયારીઓનો મહત્વનો ભાગ માનવામાં આવે છે. પૌરાણિક પરંપરા અનુસાર ગાડુ ઘડા યાત્રા રાજમહેલ પહોંચે છે. અહીં કુંવારી અને સૌભાગ્યવતી મહિલાઓ વ્રત રાખીને બદ્રીનાથ ધામ માટે તલનું તેલ કાઢે છે. તેલની પવિત્રતા જાળવી રાખવા માટે મહિલાઓ મોં પર પીળું કપડું બાંધીને આ ધાર્મિક કાર્ય કરે છે. આ જ તેલથી ધામમાં ભગવાન બદરી વિશાળની પૂજા-અર્ચના થાય છે.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**24 જાન્યુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ | અ, લ, ઈ** આ સપ્તાહ આત્મવિશ્વાસમાં વધારો થશે અને તમે દરેક કામ ઉત્સાહપૂર્વક કરી શકશો. નોકરી અથવા વ્યવસાયમાં નવી જવાબદારી મળવાની શક્યતા છે. આવકમાં ધીમે ધીમે સુધારો થતો દેખાશે. ઉતાવળમાં કોઈ મોટો નિર્ણય લેવાનું ટાળો. પરિવાર તરફથી સહયોગ મળશે.

**વૃષભ રાશિ | બ, વ, ઉ** નાણાકીય બાબતમાં આયોજન કરીને આગળ વધવું જરૂરી રહેશે. અગાઉથી અટકેલા કામો પૂરાં થવાના સંકેત છે. મિત્રો અને સહકર્મીઓ તરફથી સહકાર મળશે. આરોગ્ય સામાન્ય રહેશે પરંતુ આહાર પર ધ્યાન આપવું. બિનજરૂરી ખર્ચ ટાળશો તો લાભ થશે.

**મિથુન રાશિ | ક, છ, ઘ** વ્યવસાયિક ક્ષેત્રે નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ઉપયોગી સાબિત થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. વાણી પર સંયમ રાખશો તો વિવાદ ટાળી શકશો. માનસિક રીતે સક્રિય અને ઉર્જાવાન રહેશો. નવા વિચારો સફળતા અપાવશે.

**કર્ક રાશિ | ડ, હ** આ સપ્તાહ ભાવનાત્મક ઉતાર-ચઢાવ અનુભવાઈ શકે છે. કામકાજમાં ધ્યાન કેન્દ્રિત કરવું થોડું મુશ્કેલ લાગશે. પરિવાર સાથે સમય વિતાવવાથી મનને શાંતિ મળશે. આરોગ્ય માટે પૂરતો આરામ જરૂરી છે.

**સિંહ રાશિ | મ, ટ** માન-સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થવાની શક્યતા છે. નોકરીમાં પ્રમોશન અથવા પ્રશંસાના યોગ છે. ઉચ્ચ અધિકારીઓ તમારું કામ વખાણશે. અહંકાર ટાળશો તો સંબંધો વધુ મજબૂત બનશે. પારિવારિક જીવન સુખદ રહેશે.

**કન્યા રાશિ | પ, ઠ, ણ** યોજનાબદ્ધ રીતે કરેલું કામ સફળતા આપશે. ખર્ચમાં વધારો થઈ શકે છે તેથી નાણાકીય સાવચેતી જરૂરી. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ રહેશે. આરોગ્ય બાબતે બેદરકારી ન રાખવી. પરિશ્રમનું યોગ્ય ફળ મળશે.

**તુલા રાશિ | ર, ત** સામાજિક જીવન વધુ સક્રિય રહેશે અને લોકો સાથે સંપર્ક વધશે. દાંપત્ય અને પારિવારિક સંબંધોમાં મધુરતા અનુભવશો. ભાગીદારીના વ્યવસાયમાં લાભ થશે. કાનૂની કે દસ્તાવેજી બાબતમાં સાવધાન રહો. માનસિક શાંતિ રહેશે.

**વૃશ્ચિક રાશિ | ન, ય** મહત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલા પૂરતું વિચારો જરૂરી છે. ગુપ્ત શત્રુઓ અથવા ઈર્ષ્યા કરનારા લોકોથી સાવધાન રહેવું. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધશે. કામમાં ધીરજ રાખશો તો સફળતા મળશે. પરિવારનો સહયોગ મળશે.

**ધન રાશિ | ભ, ધ, ફ, ઢ** નવું કાર્ય અથવા યોજના શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. પ્રવાસથી લાભ અને નવા અનુભવ મળશે. આવકમાં વૃદ્ધિ થવાની શક્યતા છે. પરિવાર તરફથી સારા સમાચાર મળી શકે. આત્મવિશ્વાસ મજબૂત રહેશે.

**મકર રાશિ | ખ, જ** આ સપ્તાહ કામનો દબાણ વધશે પરંતુ પરિણામ અંતે સકારાત્મક આવશે. વડીલોની સલાહ મહત્વપૂર્ણ સાબિત થશે. નાણાકીય સ્થિતિ સ્થિર રહેશે. આરોગ્ય પ્રત્યે ધ્યાન આપવું જરૂરી. ધીરજ રાખશો તો લાભ મળશે.

**કુંભ રાશિ | ગ, સ, શ, ષ** નવતર વિચારો અને નવી રીતો તમને સફળતા તરફ લઈ જશે. મિત્રો અને સહકર્મીઓનો સહયોગ મળશે. પ્રેમ સંબંધોમાં સ્થિરતા અને સમજદારી વધશે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે. આત્મવિશ્વાસ વધુ મજબૂત બનશે.

**મીન રાશિ | દ, ચ, ઝ, થ** આવકના નવા સ્ત્રોત ઊભા થવાની શક્યતા છે. મન પ્રસન્ન અને ઉત્સાહથી ભરેલું રહેશે. સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. અતિભાવુકતા ટાળવી હિતાવહ રહેશે. પરિવાર સાથે સુખદ અને શાંત સમય પસાર થશે.


**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**



# વસંતની સુગંધ અને રાષ્ટ્રગૌરવનો ઉત્સવ

## ભારતીય સંસ્કૃતિના બે મહાન પર્વોની ભાવસભર અભિવ્યક્તિ



પ્રિય વાચક મિત્રો,

ભારતીય સંસ્કૃતિ એ ઋતુઓ, ઉત્સવો અને રાષ્ટ્રભાવના સાથે ગુંથાયેલી જીવનશૈલી છે. વર્ષના આરંભમાં આવતાં બે મહત્વપૂર્ણ દિવસો — 23 જાન્યુઆરીની વસંત પંચમી અને 26 જાન્યુઆરીનો ગણતંત્ર દિવસ — આપણને આધ્યાત્મિક ઉજાસ સાથે રાષ્ટ્રીય ગૌરવની અનુભૂતિ કરાવે છે.

વસંત પંચમી ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાન, કળા અને સંસ્કારની ઉપાસનાનો પર્વ છે. મા સરસ્વતીની આરાધના દ્વારા માનવી પોતાના જીવનમાં વિવેક, વિદ્યા અને વિનમ્રતાનું આવાહન કરે છે. પીળો રંગ, વસંતની હવા અને નવચેતનાની શરૂઆત — આ બધું આપણને યાદ અપાવે છે કે જીવનમાં હંમેશા નવી આશા અને નવી દિશા શક્ય છે. વસંત પંચમી માત્ર ઋતુ પરિવર્તન નથી, પરંતુ વિચાર પરિવર્તનનું પણ પ્રતિક છે. આ સાથે જ 26 જાન્યુઆરી — ભારતનો ગણતંત્ર દિવસ — આપણને આપણા સંવિધાન, સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યો પ્રત્યેની જવાબદારીની યાદ અપાવે છે. આ દિવસ ભારતના દરેક નાગરિકને સમાન અધિકાર, સમાન સન્માન અને રાષ્ટ્રપ્રતિ સમર્પણની પ્રેરણા આપે છે. દેશ માટે બલિદાન આપનાર મહાન આત્માઓના સપનાઓને સાકાર રાખવાનો સંકલ્પ આ દિવસે વધુ મજબૂત બને છે.


વસંત પંચમી આપણને અંદરથી ઉજળી બનાવે છે, જ્યારે ગણતંત્ર દિવસ આપણને બહારથી મજબૂત રાષ્ટ્ર બનાવવાની પ્રેરણા આપે છે. આ બંને પર્વો મળીને ભારતીય સંસ્કૃતિની સંપૂર્ણતા દર્શાવે છે — જ્યાં આધ્યાત્મિકતા અને રાષ્ટ્રભાવના એકબીજાના પૂરક બને છે.

આ પાવન અવસરે,
તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલ
ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર (કેનેડા)
તરફથી તમામ પ્રિય વાચકોને વસંત પંચમી અને ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છાઓ.

મા સરસ્વતી આપના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે અને તિરંગો આપના હૃદયમાં દેશપ્રેમની અવિરત જ્યોત પ્રગટ રાખે — એવી શુભકામનાઓ

**સુજ્ઞેશ પટેલ**
**(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062**
**garvigujarat2025@gmail.com**

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**


Boon :( બૂન ) -વરદાન ( દેવી કે ભગવાન તરફથી જ મળે )
blessing :(બ્લેસિંગ ) આશીર્વાદ
( સામાન્ય રીતે વડીલ, સંત કે પ્રભુ દ્વારા મળે )

હું મારી બહેનને ત્યાં વેકેશન માં ગયો હતો. આગળનાં રૂમમાં બેસીને ન્યુઝ પેપર વાંચતો હતો, તેવામાં દરવાજા પર એક ભિખારી આવ્યો અને બોલ્યો :
" ઓ બુન (boon ) જરા વધેલું ઘટેલું આપી મુકજો.)
(બુન =બહેન ને પ્રેમ થી બોલાવતો હતો ).
મારી બહેન રસોડામાં હતી , આથી તેને સંભળાયું ન હોય . ભિખારી ફરી મોટેથી બોલ્યો :
" બુન....... (boon ) જરા આપી જજો, બાળબચ્ચાં સુખી રહેશે."
આખરે હું રસોડામાં જઈને મારી બહેનને કહી આવ્યો કે પેલો ભિખારી ક્યારનો બુન ( boon ... boon ...) કરે છે. એને કંઈક શાક -રોટલી આપી મૂક, તને ભગવાન જરૂર કંઈક વરદાન (boon ) આપશે .
** પુસ્તક-"Spelling Therapy" ના સર્જક એસ .કે. પટેલ કેનેડા ના સૌજન્યથી

**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**बड़े लोगों से मिलने में हमेशा फ़ासला रखना**
**जहाँ दरिया समुंदर से मिला दरिया नहीं रहता**
- बसीर बद्र. સંકલન ડો પ્રકાશભાઈ ઠક્કર કાલોલ ગુજરાત

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

ABHAY JOSHI Mortgage

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC

INDEPENDENTLY OWNED AND OPERATED

FSRA LIC # 13093




UNLOCK YOUR DREAM HOME WITH
**EXPERT MORTGAGE GUIDANCE**


- Residential mortgage
- Commercial mortgage
- Refinancing, Home equity loans
- Business Line of Credits
- Business Loans (CSBFL)
- And many more



Call today to schedule
a consultation

CELL : (647) 409-5848

Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty
Dreams to Reality
Vatsal Makes it
Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST



# પરમાત્મા સુધીનો માર્ગ : ગોપીઓની વિરહ ભક્તિ

લેખક શ્રીમતી નિર્મળાબેન દરજી રીટાયર્ડ શિક્ષિકા કેનેડા

ગોપીઓ એટલે ભગવાન શ્રીકૃષ્ણની પરમ ભક્ત સ્ત્રીઓ. જેમનુ નામ ભક્તિ અને સમર્પણ માટે અમર છે. હિંદુ ધર્મશાસ્ત્રો ખાસ કરીને શ્રીમદ ભાગવત પુરાણમાં ગોપીઓનો મહિમા અદ્ભૂત રીતે વર્ણવવામાં આવ્યો છે. ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ શારીરિક નહી પણ આધ્યાત્મિક હતો. તેઓ તેમનુ સર્વસ્વ, તન, મન ધન કૃષ્ણને અર્પણ કરી ચૂકી હતી. તેમના માટે કૃષ્ણ જ સર્વસ્વ હતા.

વૃંદાવનમાં શરદ પૂનમની રાત્રે કૃષ્ણ જ્યારે વાંસળી વગાડતા ત્યારે ગોપીઓ પેતાના તમામ કામ છોડીને તેમની પાસે દોડી જતી. રાસલીલા એ જીવાત્મા (ગોપીઓ) અને પરમાત્મા (શ્રીકૃષ્ણ)ના મિલનનું દિવ્ય સ્વરૂપ માનવામાં આવે છે.

આપણા પુરાઓમાં ઘણી બધી ગોપીઓનો ઉલ્લેખ છે. જેમાં રાધાજીનુ સ્થાન સૌથી મુખ્ય છે. અન્ય ગોપીઓ લલિતા, વિશાખા, ચિત્રા, ઈન્દુલેખા વગેરે તે બધી જ ગોપીઓને અષ્ટસખી તરીકે ઓળખવામાં આવે છે.

ગોપીઓની ભક્તિના બે પાસાં મુખ્ય છે. કૃષ્ણની સાથે રહીને આનંદ મેળવવો. આ એખ સંયોગની ભક્તિ છે. જ્યારે વિયોગમાં કૃષ્ણ જ્યારે મથુરા ગયા ત્યારે તેમના વિરહમાં તડપવું. આ વિરહ ભક્તિ છે.

ગોપી એટલે જે પોતાની ઈન્દ્રિયો (ગો) દ્વારા માત્ર પરમાત્મા (પી)નું પાન કરે છે. તે

જ્યારે શ્રીકૃષ્ણ ગોકુળ છોડીને મથુરા ગયા ત્યારે ગોપીઓ તેમના વિરહમાં વ્યાકુળ હતી આ સમયે કૃષ્ણના પરમ મિત્ર કે જેઓ ખુબ જ જ્ઞાની હતા તેઓ ગોપીઓને આશ્વાસન આપવા અને નિર્ગુણ બ્રહ્મ (જ્ઞાન માર્ગ) નો ઉપદેશ આપવા ગોકુળ આવે છે. તેઓએ ગોપીઓને સમજાવ્યુ કૃષ્ણ તો પરમાત્મા છે તે ક્યાંય ગયા નથી. તે તમારી અંદર જ છે. તેમણે ગોપીઓને કૃષ્ણને ભૂલીને યોગ અને ધ્યાન ધરવાની સલાહ આપી. ત્યારે પણ ગોપીઓએ ઉદ્ધવને કહ્યુ કે અમારી પાસે એક જ મન હતુ અને તે તો કૃષ્ણની સાથે મથુરા જતુ રહ્યુ છે. હવે અમે બીજા કયા મનથી તમારા નિર્જળ બ્રહ્મનું ધ્યાન ધરીએ?

જ્યારે ઉદ્ધવ અને ગોપીઓ વાત કરતા હતા. ત્યારે એક ભ્રમર ત્યા આવી ચડ્યો. ગોપીઓએ સીધુ ઉદ્ધવને કહેવાને બદલે તે ભમરાને સંબોધીને ઉદ્ધવના જ્ઞાનની મજાક ઉડાવી અને પોતાની ભક્તિ પ્રગટ કરી. સહિત્યમાં આને ભ્રમર ગીત કહે છે. અને આમ ઉદ્ધવજી જે જ્ઞાનનો અંહકાર લઈને આવ્યા હતા તે ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો અન્નય પ્રેમ જોઈને ઓગળી ગયો. અંતે ઉદ્ધવજીને સમજાયુ કે જ્ઞાન કરતા પ્રેમ અને સમર્પણ શ્રેષ્ઠ છે. અને તેમને ઈચ્છા વ્યક્ત કરી કે તેઓ વ્રજમાં એક ઘાસનું તણખલુ પણ બની જાય તો પણ ધન્ય થઈ જશે. જેથી ગોપીઓના ચરણની રજ પોતાને મળે.

આવા ઉદ્ધવ અને ગોપીઓના સંવાદ પરથી આપણને શીખવા મળે છે કે ઈશ્વરને પામવા માટે માત્ર મગજથી જ્ઞાન મેળવવુ પૂરતુ નથી. પણ હૃદયમાં શુદ્ધ પ્રેમ હોવો પણ એટલો જ જરૂરી છે.

ગોપીઓ પોતે પોતાની જાતને કૃષ્ણની દાસી ગણાવે છે.

ગોપીઓનો પ્રેમ કોઈ અપેક્ષા વિનાનો હતો. તેમના માટે કૃષ્ણનું સુખ એ જ તેમનું સર્વસ્વ હતું. તેઓને સર્વત્ર કૃષ્ણના જ દર્શન થતા હતા.




# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# New Brunswick PNP 2026 ના પ્રથમ ડ્રોમાં ત્રણ ઈમિગ્રેશન સ્ટ્રીમ હેઠળ ઉમેદવારોને INVITATION આપે છે



સંકલનઃ
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ,
એ એન બી ઈમિગ્રેશન

New Brunswick પ્રાંતીય નોમિની પ્રોગ્રામ (NBPNP) એ 13-15 જાન્યુઆરી વચ્ચે યોજાયેલા ડ્રોની શ્રેણીમાં 2026 ના આમંત્રણો (ITAs) નો પ્રથમ સેટ જારી કર્યો હતો.

ઉમેદવારોને ત્રણ સ્ટ્રીમ દ્વારા આમંત્રણો આપવામાં આવ્યા હતા, જે બધામાં લાયક બનવા માટે પ્રાંત સાથે જોડાણ જરૂરી છે.

New Brunswick તેના નવીનતમ પસંદગી રાઉન્ડમાં પ્રાંતીય નોમિનેશન માટે કુલ 379 ITA જારી કર્યા હતા, જેમાં નીચેના સ્ટ્રીમ હેઠળ ઉમેદવારોને ડ્રો કરવામાં આવ્યા હતા:

New Brunswick એક્સપ્રેસ એન્ટ્રી સ્ટ્રીમ;

New Brunswick સ્કીલ્ડ વર્કર સ્ટ્રીમ; અને

New Brunswick સ્ટ્રેટેજિક ઇનિશિયેટિવ સ્ટ્રીમ.

આ ડ્રો માટે તમામ EOI સબમિશન માટેની કટ-ઓફ તારીખ અને સમય આ વર્ષની 12 જાન્યુઆરી, એટલાન્ટિક સ્ટાન્ડર્ડ સમય મુજબ રાત્રે 11:59 વાગ્યે હતો.

New Brunswick PNP ની નવીનતમ ડ્રોની શ્રેણીમાં જારી કરાયેલા 379 આમંત્રણોમાંથી, લગભગ 64% આ સ્ટ્રીમ હેઠળ જારી કરવામાં આવ્યા હતા.

આ સ્ટ્રીમ વિશેઃ NB સ્કીલ્ડ વર્કર સ્ટ્રીમ એવા કુશળ વિદેશી નાગરિકો માટે છે જેમની પાસે New Brunswick એમ્પ્લોયર સાથે વર્તમાન રોજગાર છે અથવા તેમની પાસે નોકરીની ઓફર છે - પરંતુ આ ડ્રો ફક્ત બે પર કેન્દ્રિત છે.

રસની અભિવ્યક્તિ સબમિટ કરતા પહેલા છેલ્લા છ મહિનાથી પ્રાંતમાં રહેતા હોવ;

હાલમાં તમારી અરજીને સમર્થન આપવા તૈયાર New Brunswick એમ્પ્લોયર માટે NON - SEASONAL પદ પર પૂર્ણ-સમય કામ કરતા હોવ; અને

સહાયક એમ્પ્લોયર સાથે ઓછામાં ઓછા છ મહિનાનો કાર્ય અનુભવ ધરાવો.

New Brunswick ગ્રેજ્યુએટ્સ પાથવે હેઠળ લાયક બનવા માટે, ઉમેદવારોએ નીચે સૂચિબદ્ધ બધી આવશ્યકતાઓ પૂર્ણ કરવી આવશ્યક છે:

New Brunswick સ્થિત નિયુક્ત શિક્ષણ સંસ્થામાં પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ-પાત્ર અભ્યાસ કાર્યક્રમ પૂર્ણ કર્યો હોય; અને

હાલમાં New Brunswick એમ્પ્લોયર દ્વારા પૂર્ણ-સમય નોકરી કરતા હોવ જે તમારી સ્થિતિને સમર્થન આપવા તૈયાર હોય અથવા આવી સ્થિતિ માટે ઓફર ધરાવતા હોય (નોન-મોસમી હોવું જોઈએ)

આ એક મહત્વપૂર્ણ ડ્રો છે, કારણ કે EOI ની પૂરતી ઈન્વેન્ટરી હોવાને કારણે અને બાકીના વર્ષ માટે આ સ્ટ્રીમ હેઠળ નવા EOI ની સ્વીકૃતિ અટકાવવાને કારણે સ્ટ્રીમ શરૂઆતમાં જાન્યુઆરી 2025 માં થોભાવવામાં આવી હતી.

2025 માં આ સ્ટ્રીમ હેઠળ કોઈ ડ્રો નહોતા થયા, જે આ ડ્રો એક વર્ષથી વધુ સમય પછી આ સ્ટ્રીમ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હોવાનું દર્શાવે છે.

આ સ્ટ્રીમ વિશેઃ NB સ્ટ્રેટેજિક ઇનિશિયેટિવ સ્ટ્રીમ ફ્રેન્ચ બોલતા વિદેશી નાગરિકો માટે છે જેમની પાસે પ્રાંત સાથે લાયક જોડાણો છે, જેમ કે અગાઉનો કાર્ય અનુભવ અથવા લાયકાત ધરાવતી નોકરીની ઓફર, લાયકાત ધરાવતી IN PROVINCE



ફ્રાન્કોફોન યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હોય, અથવા કેનેડિયન એમ્પ્લોયર માટે કામ કરતી વખતે પ્રાંતમાં રહેતા હોય.

NB ફ્રાન્કોફોન પ્રાથમિકતા માર્ગ દ્વારા આ સ્ટ્રીમ હેઠળ ડ્રો થવા માટે, ઉમેદવારોએ નીચેની શરતોમાંથી એક પૂરી કરવી જરૂરી છે:

New Brunswick માં અગાઉનું નિવાસસ્થાન અને યુનિવર્સિટી ડી મોન્કટન અથવા કોલેજ કોમ્યુનોટેર ડુ નુવુ-બ્રુન્સવિક (CCNB) ખાતે ઓછામાં ઓછા એક વર્ષનો, વ્યક્તિગત કાર્યક્રમ પૂર્ણ કરવો; અથવા

New Brunswick ઈમિગ્રેશન તરફથી રસ પત્રની રસીદ.

આ સ્ટ્રીમ વિશેઃ NB એક્સપ્રેસ એન્ટ્રી સ્ટ્રીમ ફેડરલ એક્સપ્રેસ એન્ટ્રી પૂલમાં પ્રોફાઇલ ધરાવતા કુશળ વિદેશી નાગરિકો માટે રચાયેલ છે. ન્યૂ બ્રુન્સવિકમાં રોજગાર માર્ગ હેઠળ પસંદગી પામવા માટે, ઉમેદવારોએ નીચેના પાત્રતા માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે:

છેલ્લા 12 મહિનાથીNew Brunswick માં રહેતા હોય;


હાલમાં New Brunswick એમ્પ્લોયર માટે બિન-મોસમી TEER 0, 1, 2, અથવા 3 પદ પર પૂર્ણ-સમય કામ કરતા હોય; અને

છેલ્લા 12 મહિનાથી સમાન અથવા અલગ ન્યૂ બ્રુન્સવિક એમ્પ્લોયર દ્વારા TEER 0, 1, 2, અથવા 3 પદ પર પૂર્ણ-સમય નોકરી કરતા હોય.

જે ઉમેદવારો ડ્રો થયા પછી અને આ પ્રવાહ હેઠળ નોમિનેશન માટે અરજી કર્યા પછી ન્યૂ બ્રુન્સવિકમાંથી નોમિનેશન મેળવવામાં સફળ થાય છે, તેઓ તેમની એક્સપ્રેસ એન્ટ્રી પ્રોફાઇલમાં 600 વધારાના કોમ્પ્રીહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ પોઈન્ટ મેળવી શકે છે.

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# કુંભથી મહાકુંભ

લેખક : હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

દેવો અને દાનવોએ સાથે મળીને સમુદ્ર મંથન કર્યુ ત્યારે અમૃત મળ્યું. સમુદ્ર મંથનથી નીકળેલો અમૃતકળશ મેળવવા દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું. આ યુદ્ધ 12 દિવ્ય દિવસો સુધી ચાલ્યું. એવું માનવામાં આવે છે કે આ 12 દિવ્ય દિવસો પૃથ્વી પરના 12 વર્ષ બરાબર છે. આ કળશ હાંસલ કરવાના યુદ્ધ દરમિયાન કળશમાંથી અમૃતના ટીપાં ધરતી ઉપર પડેલા. એવું માનવામાં આવે છે કે અમૃતના ઘડામાંથી છાંટા કુલ 12 જગ્યાએ પડ્યા હતા, જેમાંથી પૃથ્વી પર 4 છાંટા પડેલા હતા. કુંભ મેળો આ ચાર સ્થળોએ જ યોજાય છે. અમૃતના ટીપાં પડેલા એ પવિત્ર સ્થળો પર સૂર્ય અને ગ્રહોની સ્થિતિનું અધ્યયન કરીને અર્ધકુંભ, કુંભ, પૂર્ણકુંભ અને મહાકુંભ નું આયોજન કરવામાં આવે છે. અર્ધકુંભ દર છ વર્ષે અને કુંભ દર બાર વર્ષે યોજાય છે. પૂર્ણકુંભ એ કુંભનો જ વિસ્તરણ છે. પ્રત્યેક 12 પૂર્ણકુંભ એટલે કે 144 વર્ષ બાદ મહાકુંભનું આયોજન થાય છે. ભારતમાં ચાર વિવિધ સ્થળોએ પવિત્ર નદીઓને કાંઠે કુંભ ઉજવાય છે. સનાતની પૌરાણિક માન્યતા મુજબ સૂર્ય મેષ રાશિમાં અને ગુરુ કુંભ રાશિમાં હોય ત્યારે કુંભ હરિદ્વારમાં ઊજવાય છે. સૂર્ય અને ગુરુ બંને મકર રાશિમાં હોય ત્યારે કુંભ પ્રયાગરાજમાં ઊજવાય છે. સૂર્ય અને ગુરુ બંને સિંહ રાશિમાં હોય ત્યારે કુંભ નાસિક ત્ર્યંબકેશ્વર ખાતે ઊજવાય છે. સૂર્ય મેષ રાશિમાં અને ગુરુ સિંહ રાશિમાં હોય ત્યારે ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કિનારે કુંભમેળાનું આયોજન થાય છે. આમ, દર 12 વરસે યોજાતો કુંભમેળો વારાફરતી પ્રયાગરાજ, નાસિક, ઉજ્જૈન અને હરિદ્વાર ખાતે આયોજિત થાય છે.

13 જાન્યુઆરી - 26 ફેબ્રુઆરી 2025 દરમિયાન 44 દિવસ સુધી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમ આગળ મહાકુંભ યોજાઈ ગયેલો. આ મહાકુંભ એ 144 વર્ષ પછી યોજાનાર વૈશ્વિક ધાર્મિક આસ્થા મેળાવડો હતો; જેની સમગ્ર વિશ્વમાં સંખ્યાબંધ વખત વંદનીય નોંધ લેવામાં આવેલી. આ મહાકુંભમાં તપસ્વીઓ, સંતો, સાધુઓ, સાધ્વીઓ, બાવાઓ, કલ્પવાસીઓ અને યાત્રાળુઓએ આસ્થા મહિમાને જગત આખામાં ઉજાગર કરેલો. શ્રદ્ધાળુઓ કુંભ મેળા દરમિયાન ત્યાં રહીને સાધના કરે તેને 'કલ્પવાસ' કહેવાય છે અને કલ્પવાસ કરનાર 'કલ્પવાસી' તરીકે ઓળખાય છે. આ મહાકુંભને પ્રયાગરાજ કુંભ મેળા ઓથોરિટી દ્વારા આયોજિત કરવામાં આવેલ અને જ તે સમયગાળામાં કુંભમેળાના આયોજન સમયે એની વેબસાઈટ kumbh.gov.in હતી. આ વિશેષ મહા કુંભ મેળો 12 કુંભ મેળાના ચક્રને પૂર્ણ કરે છે, જે તેને 144 વર્ષમાં એક વખતની ઘટના બનાવે છે, જેમાંથી છેલ્લી 1881માં બની હતી. જાતિ નાતિ , ધર્મ, ઊંચનીચ, અમીર ગરીબ, નાના મોટા, અભણ ભણેલાના ભેદભાવ વગર આ વખતના મહાકુંભમાં આશરે 45 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવેલી જે વિશ્વ સ્તરે સનાતનની છબી ઉજ્જવળ કરનાર ધાર્મિક મહોત્સવ બની ગયો. દુનિયા આખીમાં કોઈ પણ ધાર્મિક મેળાવડામાં ક્યારેય ના આવ્યા હોય અને ભવિષ્યમાં પણ આટલી મોટી સંખ્યાની ઉપસ્થિતિ ક્યારેય શક્ય ના બને એવો ગયા વરસનો મહાકુંભ



જગતના ઈતિહાસમાં લખાઈ ગયો. મહા કુંભ મેળો રાક્ષસો પર ભગવાનના વિજયનું પ્રતીક છે. મહા કુંભ મેળો એ વિશ્વનો સૌથી મોટો શાંતિપૂર્ણ લોકોત્સવ છે. ગયા વરસના ઊજવાયેલ મહાકુંભમાં લાખો લોકોએ ગંગા, યમુના અને રહસ્યમય સરસ્વતી નદીના પવિત્ર જળમાં ડૂબકી લગાવીને પોતાની આસ્થા ને પ્રગટ કરી હતી.

મહાકુંભમાં અમૃત સ્નાન ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. ગત વર્ષે ઊજવવામાં આવેલ મહા કુંભમાં પોષ પૂર્ણિમા (13 જાન્યુઆરી), મકરસંક્રાંતિ (14 જાન્યુઆરી), મૌની અમાવસ્યા (29 જાન્યુઆરી, દર્શ અમાસ) વસંતપંચમી (3 ફેબ્રુઆરી), માઘ પૂર્ણિમા (12 ફેબ્રુઆરી) અને મહાશિવરાત્રિના (26 ફેબ્રુઆરી) પવિત્ર અવસરે શ્રધ્ધાળુઓ અમૃત સ્નાનનો લાભ લીધેલો હતો. મહા કુંભ દરમિયાન પવિત્ર પાણીમાં સ્નાન કરવાથી પાપમાંથી શુદ્ધિ મળી મુક્તિના માર્ગનું સ્થાપન થાય છે. કુંભમેળા દરમિયાન પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી મોક્ષ પ્રાપ્તિની માન્યતા છે. એવું માનવામાં આવે છે કે આ દરમિયાન આ નદીઓનું પાણી અમૃત જેવું શુદ્ધ બની જાય છે. કુંભ મેળામાં સ્નાન કરવાથી તમામ દેવતાઓની કૃપા પ્રાપ્ત થાય છે. તમામ પાપોનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. કુંભ મેળામાં લાખો ભક્તો પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીઓ અહીં મળે છે, તેથી આ સ્થાનનું વિશેષ ધાર્મિક મહત્વ છે. ધાર્મિક માન્યતા અનુસાર અહીં સ્નાન કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે.

ગયા વર્ષે ઊજવાયેલ ન ભૂતો ન ભવિષ્યતી સમાન મહા કુંભ મેળા 2025 ના 44 દિવસ દરમિયાન વિશ્વભરમાંથી અંદાજિત 45 કરોડ ભક્તોએ મહા કુંભમાં હાજરી આપેલી, જે વિશ્વનો સૌથી અભૂતપૂર્વ અને સર્વોત્તમ માનવ મેળાવડો સાબિત થયેલો હતો. સૂક્ષ્મ દ્રષ્ટિએ મનન કરીને વિખ્યાત ધર્મગુરુઓના મતાનુસાર કુંભ મેળાને એક સાંસ્કૃતિક ઘટના કહી શકાય, જે વિવિધ પરંપરાઓ અને પૃષ્ઠભૂમિના લોકો માટે ઐક્ય સાધવાનો માર્ગ છે. કુંભ મેળો એ માત્ર એક ધાર્મિક પ્રસંગ નથી પરંતુ જીવંત વારસો છે જે ભારતની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિવિધતાને ઉજાગર કરી વિવિધતામાં એકતાનું તાદ્રશ્ય ચિત્રણ કરે છે. આ અવસર યાત્રાળુઓ માટે સદીઓ જૂની ધાર્મિક વિધિઓમાં ડૂબી જવા, આદરણીય સંતોના પ્રવચનો સાંભળવા અને ભારતના જીવંત આધ્યાત્મિક સિદ્ધાંતોનો અનુભવ કરવાની અનન્ય તક પૂરી પાડે છે. 2025ના મહા કુંભ મેળામાં 45 મિલિયન મુલાકાતીઓની હાજરી અપેક્ષિત હતી અને લગભગ એટલા ભક્તોએ પોતાની હાજરી આપેલી, જે અતૂટ વિશ્વ રેકોર્ડ છે. વિશ્વના અનેક દેશોમાંથી નાગરિકો અને મહાનુભાવો આ કુંભમેળામાં દર્શનાર્થે આવેલા, જેમાં કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયેલ, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, શ્રીલંકા, નેપાળ, ભૂતાન, ન્યુઝીલેન્ડ, જર્મની વિગેરેનો સમાવેશ થાય છે. તમામ મનુષ્યોના જીવન દરમિયાન કાં તો માત્ર એક વખત આ મહાકુંભનો અવસર આવે છે કાં તો આવતો જ નથી. આપણે સૌ નસીબદાર છીએ કે આપણા જીવનકાળ દરમિયાન મહાકુંભ સમો ભવ્યાતિભવ્ય અવસર આપણને જોવા મળેલ.



# વસંત પંચમી: કલા, સંગીત અને જ્ઞાનની દેવી માતા સરસ્વતીનો પ્રાગટ્ય દિવસ

(૧) ગુજરાતી પંચાંગ મુજબ મહા (માઘ) મહિના ના શુક્લ પક્ષની પંચમી(પાંચમ) તિથિ એ "વસંત પંચમી" મનાવવામાં આવે છે.

વસંતપંચમી વિશે પૌરાણિક અને ધાર્મિક માન્યતાઓ:

ભગવાન વિષ્ણુ ની આજ્ઞા થી બ્રહ્માજી એ સૃષ્ટિ ની રચના કરી જેમાં મનુષ્ય, વનસ્પતિ,જીવ જંતુ,નદી,પર્વત વગેરે ને સમાવી લીધા હતા.તેઓ જ્યારે પોતાની રચેલી સૃષ્ટિ ને જોવા પૃથ્વી પર આવ્યા ત્યારે ચારે તરફ વાતાવરણ માં ગજબ ની ઉદાસીનતા અનુભવી.

પ્રભુ વિષ્ણુ ના માર્ગદર્શન થી હાથમાં કમંડળ લઈને પૃથ્વી પર ચારે દિશામાં જળનો છંટકાવ કર્યો ત્યારે ધરતી પર કંપન ઉત્પન્ન થયું. વૃક્ષ ના થડ માંથી માતા સરસ્વતી નું પ્રાગટ્ય થયું .તેઓના એક હાથમાં વીણા,બીજા હાથમાં પુસ્તક, ત્રીજા હાથમાં માળા અને ચોથો હાથ વરદ મુદ્રામાં હતો. બ્રહ્માજી ની આજ્ઞા થી એ તેમણે વીણા પર સ્વરો છેડતાં જ સમગ્ર ધરતીમાં કંપન ઉત્પન્ન થયું. ત્રણેય લોક માં ઊર્જા નો અનેરો સંચાર થતાં એક અનોખો ધ્વનિ અનેસંગીતનીલહેરગૂંજવા લાગી. ધરતી પર મનુષ્ય ને વાચા પ્રકટ થઈ .આમ પ્રાણી,જીવજંતુઓ, વનસ્પતિ અને જલધારા માં એક ધ્વનિ ની ઉત્પત્તિ થઈ. સમગ્ર સૃષ્ટિમાં ચેતનાનો સંચાર થવા લાગ્યો. તે દિવસ હતો વસંત પંચમીનો પૌરાણિક માન્યતા પ્રમાણે શ્રીમદ્ દેવી ભાગવત ના" નવમા સ્કંધ"માં સ્પષ્ટ વર્ણન છે કે "સરસ્વતી માતા નું પ્રાગટ્ય" પણ વસંત પંચમીના દિવસે "રાધાજી ના કંઠ"માંથી થયું. વસંત પંચમીશ્રી પંચમી અથવા જ્ઞાન પંચમી ના અધિકૃત નામોથી પણ ઓળખાય છે.તેથી જ દરેક દેવલોક માં તેમજ મૃત્યુ લોક માં માતા સરસ્વતી ની પૂજા થવા લાગી તેથી આ દિવસ ને"સરસ્વતી જયંતિ"ના રૂપે મનાવવામાંઆવે છે.આમ માતા સરસ્વતીનેબાગેશ્વરી, શારદા, ભગવતી, વીણાવાદિની, વાગ્ દેવી જેવા વિવિધ નામે ઓળખવામાં આવે છે.

રામાયણ કાળ માં પૌરાણિક કથા અનુસાર ત્રેતાયુગ માં જ્યારે રાવણ સીતાનું હરણ કરીને લંકા માં લઈ ગયો ત્યારે રામ સીતાની ખોજ કરતા કરતા શ્રી રામ અને લક્ષ્મણ "દંડકારણ્ય"માં (ગુજરાત અને મધ્યપ્રદેશ ની વચ્ચે) આવેલા માતંગ ઋષિ ના આશ્રમે આવી પહોંચ્યા.

તે વખતે ભીલ જ્ઞાતિ ની સ્ત્રી શબરીએ વનમાંથી બોર વીણી ને તેણે ચાખી રામ ને ખવડાવી ને પ્રભુ શ્રી રામ પ્રત્યે ની પોતાની ભક્તિ પ્રગટ કરી.પ્રભુ શ્રી રામે પણશબરી ના એઠાં બોર પ્રેમથી આરોગીને શબરીના જીવનનો ઉદ્ધાર કર્યો તે દિવસ હતો વસંત પંચમીનો.

બીજી એક ધાર્મિક માન્યતા છે કે આ દિવસે કામદેવ અને રતિ નું પ્રાગટ્ય થયું હતું. વસંત ઋતુનો પ્રારંભ થયો હતો. તેથી જો પતિ પત્ની કામદેવ અને રતિ ની પૂજા કરેતો સુખી વૈવાહિક જીવન માં સુખ શાંતિ પ્રાપ્ત થાય છે.

શ્રી સ્વામિનારાયણ ધર્મ સંપ્રદાય ના સ્થાપક ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ "શિક્ષાપત્રી" ગ્રંથ ની રચના કરીને તેની અમૂલ્ય ભેટ વિશ્વ ને આપી હતી.આ મહા ગ્રંથનું પ્રાગટ્ય જે દિવસે થયું તે દિવસ હતો વસંત પંચમીનો.

(૨) ઐતિહાસિક મહત્વ:

૧૨મી સદીના દિલ્હી અને અજમેર ના રાજા પૃથ્વીરાજ ચૌહાણ કે જેઓ એ પોતાના સામ્રાજ્ય પર આક્રમણ કરનાર અફઘાનિસ્તાન ના હુમલાખોર મહંમદ ઘોરી ને ૧૬ વાર પરાજય આપ્યો અને તેને માફ પણ કરી દીધો પણ અંતે ૧૭મી વાર તેણે ફરી આક્રમણ કરીને બંદી બનાવી ને

તેની બંને આંખો ફોડીનાંખી .ઘોરીએ તીરંદાજી સ્પર્ધાનું આયોજન કર્યું.ત્યારે પૃથ્વીરાજ ચૌહાણ ના ખાસ કવિ મિત્ર ચંદ બરદાઈ એ (બારોટ) અંધ પૃથ્વીરાજ સમક્ષ એક દુહો(ચોપાઈ) ગાઈ.

"ચાર બાંસ ચૌવીસ ગજ અંગુલ અષ્ટ પ્રમાણ,

તાપર હૈ સુલતાન મત ચૂકો ચૌહાણ."

આમ શબ્દભેદી બાણ મારીને મહંમદ ઘોરીને મારી નાખ્યો.અંતે બંને મિત્રોએ એક બીજાને કટાર મારીને બલિદાન આપ્યું.આ દિવસ હતો વસંત પંચમી..

વસંત પંચમી ના દિવસે પૂજા વિધિ:

વસંત પંચમી ઉપર પીળા, વસંતી કે સફેદ વસ્ત્ર પહેરવા જોઈએ કારણ કે પીળા રંગ ના વસ્ત્રો ને ધારણ કરવાથી સકારાત્મક ઊર્જા નો સંચાર થાય છે.જીવનમાં કોઈપણ પરિસ્થિતિ માં આપણા વિચારો સકારાત્મક હોય તો પરિસ્થિતિ આપણું કશું જ બગાડી શકતી નથી.પૂજા ના પ્રારંભે પૂર્વ કે ઉત્તર



લેખક
ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક

દિશા તરફ મુખ રાખીને પૂજાની શરુઆત કરવી જોઈએ. પીળું વસ્ત્ર પાથરીને તેની ઉપર મા સરસ્વતી ની સ્થાપના કરીને કંકુ, કેસર, હળદર, ચોખા, પીળા ફૂલ, પીળી મીઠાઈ, સાકર, દહીં, હલવો વગેરે પ્રસાદ ધરવો જોઈએ.દેવીને શ્વેત ચંદન અને પીળા અને સફેદ ફૂલ જમણા હાથથી અર્પણ કરીને હળદરની માળાથી મા સરસ્વતીના મૂળ મંત્ર "ॐ ऐं सरस्वत्यै नमः "નો જાપ અવશ્ય કરવો.

*સરસ્વતી ની પૂજા કરતી નિમ્ન ભૂલો ને સદંતર ટાળશો.

૧. કાળા કે લાલ રંગના વસ્ત્રો ન પહેરવા. ૨. માંસાહાર થી દુર રહેવું. ૩. આ તહેવાર પાક અને હરિયાળી નો છે માટે વૃક્ષ કે પાક ન કાપવા તેમજ ઘરમાં રહેલા છોડ ને નુકશાન ન કરવું. ૪. સ્નાન કર્યા બાદ જ અનુષ્ઠાન કરીને ભોજન ગ્રહણ કરવું. ૬. ગુસ્સા પર કાબૂ રાખવોને કોઈને પણ અપમાન જનક વેણ ન કહેવા. ૭. વિદ્યાર્થી અને કલાકારો એ આ દિવસે માતા સરસ્વતીની પ્રતિમા નું સ્થાપન કરીને તેમની સમક્ષ પુસ્તકો,વાજીંત્રો મૂકવાજોઈએ.નાના શિશુઓને આ દિવસે અક્ષરજ્ઞાન અપાય છે.તેમની જીભ પર મધ મૂકવામાં આવે છે.આ દિવસે શિક્ષણ નો પ્રારંભ કરાય છે.માન્યતા છે કે આ પવિત્ર દિવસે શિક્ષણ ની શરૂઆત કરવાથી તેમનો માનસિક વિકાસ તેજ બને છે અને તેઓ મા સરસ્વતી ના કૃપાપાત્ર બને છે.ગાયકો અને વાદકો એ આ દિવસે પોતાના વાજિંત્ર(વાદ્યો),ની પૂજા કરવી જોઈએમાતાની સમક્ષ પ્રાર્થના ગાઈને ભાવ વિભોર બનવું જોઈએ.

(૮).કલાકારો એ પ્રાયઃ વસંત રાગ ગાવો જોઈએ.આ રાગ ગાવાથી જીવનમાં પ્રસન્નતા આવે છે.વસંત નો અર્થ છે પ્રસન્નતા.

જગદગુરુ શંકરાચાર્ય કહે છે કે "હંમેશા જ્ઞાનથી જ મુક્તિ મળે છે"

(૩) વસંત પંચમી ના દિવસે આ પ્રકારના શુભકામ કરી શકો છો.

સગાઈ અથવા લગ્ન કરી શકાય છે. નવો ધંધો શરૂ કરી શકો છો. ઘર પ્રવેશ, ઘરનો પાયો મૂકી શકાય, નવા વાહનો, વાસણો, સોનું, મકાન, નવા વસ્ત્રો, ઝવેરાત, સંગીતનાં સાધનો વગેરે ખરીદવાનો શુભ દિવસ છે. નવા કોર્સમાં પ્રવેશ, વિદેશ જવા માટેની અરજી અથવા સંબંધિત પરીક્ષા. લાંબા ગાળાનું રોકાણ, વીમા પોલીસી , બેંક ખાતું વગેરે. શિક્ષણ અથવા સંગીતથી સંબંધિત કોઈ નવું કાર્ય પ્રારંભ કરો.

વિવિધ ધર્મો માં "વસંત પંચમી" અલગ અલગ નામે ઓળખાય છે હિન્દુઓ માં સરસ્વતી પૂજા,સૂફી મુસ્લિમો માં સૂફી બસંત,પંજાબ ગુરુ દ્વારા માં બસંત પતંગોત્સવ નામે પ્રસિદ્ધ છે.

વસંપંચમીના દિવસે જુદા જુદા ક્ષેત્રોમાં વસંત મેળાઓ નું આયોજન થાય છે. ભારત સરકાર તરફ થીપવિત્ર નદીઓ જેવીકે ગંગા, યમુના અને સરસ્વતી ના સંગમ સ્થાન પ્રયાગ રાજમાં અત્યારે ભવ્ય મહા કુંભ મેળા નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ પવિત્ર સંગમ સ્થાને દેશ વિદેશ ના કરોડો લોકો સ્નાન કરીને પોતાના જીવન ને ધન્ય બનાવી રહ્યા છે.

પુષ્ટિમાર્ગ ની પરંપરા અનુસાર હોળીના મહોત્સવ નો પ્રારંભ વસંત પંચમી ના દિવસે થાય છે જે ફાગણ માસ સુધી ઉજવવામાં આવે છે.

આ સમયે બાંકે બિહારી મંદિર ના વસંત કક્ષનાં કપાટ(દ્વાર) વસંત પંચમીના દિવસે જ ખૂલે છે.

વિશેષ માં કહું તો પ્રભુની શિવ ની આજ્ઞાથી ગુજરાત માંઊંઝા ગામ માં સાક્ષાત ઉમિયા(પાર્વતી) માતાનું પ્રાગટ્ય પણ વસંત પંચમી ના રોજ થયું હતું.હિન્દી ભાષાના શ્રેષ્ઠ કવિ સૂર્યકાંત ત્રિપાઠી"નિરાલા"નો જન્મ પણ આ દિવસે થયો હતો.તેઓની સુપ્રસિદ્ધ "સરસ્વતી વંદના" થી મારા લેખની પૂર્ણાહુતિ કરીશ.

"વીણા વાદિની..વર દે
પ્રિય સ્વતંત્ર રવ
અમૃત મંત્ર નવ
ભારત મેં ભર દે....

DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

## INSURANCE

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

## INVESTMENTS

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# ગરવી ગુજરાત માટે પણ ગૌરવની ક્ષણ






ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર સાથે ટૂંકા સમયગાળામાં લેખક તરીકે જોડાઈ, પોતાની વિચારશીલ દૃષ્ટિ, સંસ્કારસભર ભાષા અને વિદ્વત્તાપૂર્ણ લેખન દ્વારા વાચકોના હૃદયમાં સ્થાન બનાવનાર આદરણીય ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ પટવારી સાહેબ આજે સતત પ્રાપ્ત થતા સન્માનો દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવનું કેન્દ્ર બની રહ્યા છે.

વિશ્વમાં પ્રથમવાર ‘ચક્ર હીલિંગ’ જેવા ગહન વિષયમાં પીએચ.ડી. (Doctorate) પ્રાપ્ત કરનાર ડૉ. પટવારી સાહેબની આ અસાધારણ સિદ્ધિ બદલ, તાજેતરમાં તેમને સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા (SBI) પેન્શનર્સ એસોસિએશન દ્વારા ભવ્ય રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા (AGM) દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ સભ્યોની પ્રત્યક્ષ ઉપસ્થિતિ હતી, જ્યારે હજારો લોકો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. મંચ પર પેન્શનર્સ એસોસિએશન તથા બેંક મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારીઓની ગરિમામય હાજરીએ આ સન્માનને વિશેષ ઓપ આપ્યો હતો.

આ સન્માનની શાહી હજુ સુકાઈ નહોતી ત્યાં જ, સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્ર (SBS) પેન્શનર્સ એસોસિએશનના વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત સભ્યો દ્વારા ડૉ. પટવારી સાહેબનું પુનઃ અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમને પરંપરાગત રીતે શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા. સાથે જ સમગ્ર સભાએ ઊભા થઈ, તાળીઓના ગડગડાટ સાથે ‘સ્ટેન્ડિંગ ઓવેશન’ આપી જે રીતે તેમનું સન્માન કર્યું, તે તેમના પ્રત્યેના આદર, વિશ્વાસ અને સ્નેહનું જીવંત પ્રતિબિંબ હતું.

ડૉ. જિતેન્દ્રભાઈ પટવારી માત્ર એક નિવૃત્ત બેંક અધિકારી કે સંશોધક નથી, પરંતુ ‘ચક્રસંહિતા’ જેવા અમૂલ્ય ગ્રંથના સર્જક અને આધ્યાત્મિક વિજ્ઞાનના જ્ઞાતા છે. તેમનું લેખન સમાજ પ્રત્યેની જવાબદારી અને માનવમનને સ્પર્શતી સકારાત્મકતાથી સભર હોય છે. ‘ગરવી ગુજરાત’ સાથેના તેમના લેખન અનુબંધે અખબારની ગુણવત્તા, વૈચારિક ગંભીરતા અને વિશ્વસનીયતામાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેને વાચકવર્ગે હંમેશા આત્મીયતાથી સ્વીકાર્યો છે.

આ પ્રસંગે ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર, કેનેડાની સમગ્ર ટીમ વતી આદરણીય ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ પટવારી સાહેબને હાર્દિક અભિનંદન અને અનેકગણી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. તેમનો યશ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સર્જનાત્મક પ્રવાહ સતત વહેતો રહે અને તેઓ સમાજને નવી પ્રેરણા આપતા રહે તેવી મંગલ કામના.

**તંત્રીશ્રી સુજ્ઞેશ પટેલ, ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર, કેનેડા**

EDM Elite Digital Marketing LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
Let's Be popular
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Find on Google

# શ્રી ગિરિ-ગોવર્ધનરાય : પ્રાકટ્ય, મહાત્મ્ય અને ગિરિરાજ સ્વરૂપનું તત્ત્વજ્ઞાન

પ્રશ્ન-૧) શ્રી ગિરિરાજજીના ગોલોકધામમાં પ્રાકટયનો પ્રસંગ કયા પુસ્તકમાં વર્ણવાયો છે ?

ઉત્તર-૧) શ્રી ગિરિરાજજીના ગોલોકધામમાં પ્રાકટયનો પ્રસંગ ગર્ગસંહિતા નામના પુસ્તકમાં વર્ણવાયો છે.

પ્રશ્ન-૨) શ્રી ગિરિરાજજીનું પ્રાકટય કોના મનોરથ સ્વરૂપે થયું ?

ઉત્તર-૨) શ્રી ગિરિરાજજીનું પ્રાકટય શ્રી રાધિકાજીના મનોરથ સ્વરૂપે થયું.

પ્રશ્ન-૩) ગોલોકધામના વાસીઓ શ્રી ગિરિરાજજીને ક્યા નામથી ઓળખતા હતા ?

ઉત્તર-૩) ગોલોકધામના વાસીઓ શ્રી ગિરિરાજજીને 'શતશૃંગ"'ના નામથી ઓળખતા હતા.

પ્રશ્ન-૪) પૃથ્વી ઉપર શ્રી ગોવર્ધન પર્વતનું પ્રાકટય ક્યાં થયું ?



સૌજન્યઃ વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ તથા મોનાબેન પટેલ કેનેડા

ઉત્તર-૪) પૃથ્વી ઉપર શ્રી ગોવર્ધન પર્વતનું પ્રાકટય શાલ્મલિ દ્વિપ ઉપર થયું કે જે આજનું દક્ષિણ આફ્રિકા છે.

પ્રશ્ન-૫) ગોવર્ધન પર્વતના પિતાનું નામ શું છે?

ઉત્તર-૫) ગોવર્ધન પર્વતના પિતાનું નામ દ્રોણ છે.

પ્રશ્ન-૬) શ્રી ગોવર્ધન પર્વતને "ગિરિરાજ" શા માટે કહયા છે

ઉત્તર-૬) આ પૃથ્વી ઉપર ભારતવર્ષની પશ્ચિમે આવેલા શાલ્મલી દ્વિપમાં, દ્રોણાચલની પત્નીના ગર્ભ થકી શ્રીગોવર્ધનનો જન્મ થયો. આ સમયે, દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને હિમાલય તથા સુમેરૂ આદિ સર્વ પર્વતો તેમના આધિદૈવિક સ્વરૂપે ત્યાં પધાર્યા અને શ્રી ગોવર્ધનને પ્રણામ કર્યા. તેમની પરિક્રમા કરી અને વિધિવત્ પૂજન કર્યુ. તેમની સ્તુતિ કરીને બોલ્યા, "તમે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના ગોલોકધામમાં સુશોભિત થાવ છો, તેથી આપણે સૌ પર્વતોમાં તમે શ્રેષ્ઠ છો. તેથી તમે ગિરિરાજ છો." પર્વત સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે માટે તેને "ગિરિરાજ" કહયા છે. તમે વૃંદાવનની ગોદમાં નિવાસ કરનાર અને ગોલોકના મુકુટ સમાન છો. આમ, ગિરિશ્રેષ્ઠ શ્રીગોવર્ધન ગિરિરાજ તરીકે ઓળખાયા છે.

પ્રશ્ન-૭) શ્રી ગોવર્ધન પર્વતને વ્રજમાં કોણ લઈ આવ્યું

ઉત્તર-૭) શ્રી ગોવર્ધન પર્વતને વ્રજમાં પુલત્સ્ય ઋષિ લઈ આવ્યા.

પ્રશ્ન-૮) પુલત્સ્યજી મુનિએ શ્રીગોવર્ધન પર્વતને શો શાપ આપ્યો ?

ઉત્તર-૮) પુલત્સ્ય મુનિએ શ્રીગોવર્ધન પર્વતને "દરરોજ એક તલ જેટલા ઘટશો" એવો શાપ આપ્યો.

પ્રશ્ન-૯) શ્રી ગિરિરાજજીનું માહાત્મ્ય સમજાવવા શ્રી ગુંસાઈજીએ કયા પુરાણની કથા કહી ?

ઉત્તર-૯) શ્રી ગિરિરાજજીનું માહાત્મ્ય સમજાવવા શ્રી ગુંસાઈજીએ પદ્મપુરાણની કથા કહી.

પ્રશ્ન-૧૦) શ્રી ગિરિરાજજી કેટલાં અને કયા કયા સ્વરૂપે દર્શન આપે છે?

ઉત્તર-૧૦) શ્રી ગિરિરાજજી પાંચ (૫) સ્વરૂપે દર્શન આપે છે.

(૧) ગાય (ગૌ), (૨) સર્પ (શેષ), (૩) ગ્વાલ), ૪) સિંહ અને ૫) સ્થૂલ સ્વરૂપ






HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.

**Brokerage, Independently Owned & Operated**

# SANJU PATEL

**Broker**



| | |
|---|---|
| **DIRECT** | **647-721-0491** |
| **OFFICE** | **905-454-4000** |
| **FAX** | **905-463-0811** |

REALTOR®

MLS MULTIPLE LISTING SERVICE®

**Email realtorsanju@gmail. com**

**Web www. shivbijhomes. com**

# આ 'ડિટોક્સ વોટર'થી દિવસની કરો શરૂઆત અને ઘણા પ્રકારની હેલ્થ પ્રોબ્લેમથી રહો દૂર

સૌજન્ય દીનાબેન ગોપાણી કેનેડા



દિવસની શરૂઆત ડિટોક્સ વોટરની સાથે કરવાથી આરોગ્યને ઘણા પ્રકારના ફાયદા મળે છે.

જેના દ્વારા શરીરની અંદર જામેલી ગંદકીને સરળતાથી બહાર કાઢવામાં આવી શકે છે. ડિટોક્સ વોટર ઈમ્યુનિટી વધારે છે, જેનાથી ઘણા પ્રકારની બીમારીઓથી બચી શકાય છે.

આ સિવાય આ એનર્જી બૂસ્ટરની જેમ પણ કામ કરે છે.

સોમવાર:દિવસની શરૂઆત આદું, લીંબુ અને હળદરના પાણીથી કરો. આ ઈમ્યુનિટી વધારવાની સાથે પાચન અને વેટ લોસમાં લાભદાયી છે.

મંગળવાર: સવારે મેથી દાણા વાળું પાણી પીવાથી બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે અને સાથે જ આ મેટાબોલિઝમ વધારવામાં પણ ખૂબ અસરદાર છે.

બુધવાર: સવારે દૂધવાળી ચા ને સાઈડ કરીને જીરાનું પાણી પીવો જે તમારા વજનને ઘટાડે છે અને સાથે જ આનું થોડું પ્રમાણ પાચન સંબંધિત મુશ્કેલી દૂર કરવા માટે પૂરતું છે.

ગુરુવાર: આ દિવસે અજમાનું પાણી પીવો. જે ગેસ, બ્લોટિંગ, અપચો કે પેટ સંબંધિત મોટાભાગની સમસ્યાઓને કારગર સારવાર છે.

શુક્રવાર: લીંબુ, કાકડી કે ખીરા વાળું પાણી પીને સવારની શરૂઆત કરી શકો છો. આ તમને આખો દિવસ હાઈડ્રેટ રાખવાની સાથે તાજા પણ રાખશે અને આને પીવાથી બોડી પણ ડિટોક્સ થશે.

શનિવાર: ફુદીનો અને તુલસીના બીજ પીવાથી બ્લોટિંગની પ્રોબ્લેમ દૂર થાય છે. આ સિવાય આ શરીરની જામેલી ગંદરીને દૂર કરીને તમને હેલ્ધી રાખવામાં મદદ કરશે.

રવિવાર: આ દિવસની શરૂઆત તમે વરિયાળીના પાણીથી કરી શકો છો. તેનાથી પાચન તંદુરસ્ત રહે છે. વજન ઘટાડવામાં મદદ મળે છે અને પેટ ફૂલવાની સમસ્યા પણ દૂર થાય


MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special

*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ ને ટેસ્ટી Murti's Kitchen

CALL US FOR MORE DETAILS

647-389-7549

Family Events | Birthday Event
Office Event | Wedding

# પ્રજાસત્તાક દિવસમાં આપણા સંતોનો આધ્યાત્મિક ફાળો

લેખક : શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર



ભારતનો પ્રજાસત્તાક દિવસ એટલે એ દિવસે આપણે જે મૂલ્યો સ્વીકાર્યા–સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો અને ન્યાય–એ મૂલ્યોની શરૂઆત ક્યાંથી થઈ એનું ચિંતન કરવાનો અવસર. અંગ્રેજોની ગુલામીના ત્રાસથી ભારતનો પ્રત્યેક નાગરિક ત્રાહિમામ પોકારી ગયો હતો ત્યારે સૌ કોઈએ પોતપોતાની રીતે આઝાદીની ચળવળમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. એમ પણ આપણો દેશ હિન્દુ રાષ્ટ્ર હોવાથી ધાર્મિક રીતિરિવાજો, ગુરૂ, સાધુસંતોનો પ્રભાવ દરેક કાર્યક્ષેત્રમાં અચૂક જોવા મળે. ઘરનું વાસ્તુ હોય કે જાહેર સ્થળે ખાતમુર્હુત હોય, ધાર્મિક વિધિવિધાનનું મહત્વ એટલું જ હોય છે. તેવી રીતે રાષ્ટ્રની આઝાદીમાં પણ આપણા અનેક નામી-અનામી સાધુસંતોનું પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અમૂલ્ય યોગદાન રહ્યું છે. અને એ પણ એટલું જ સાચું છે કે ભારતીય સાધુ-સંતોએ પોતપોતાની રીતે અમૂલ્ય યોગદાન ભારતની આઝાદી માટે આપ્યું છે પણ સત્તાનો મોહ, નામનાનો મોહ કદી રાખ્યો નથી. હંમેશા નિડર, નિષ્પક્ષ રહી પોતાના વાણી,વ્યવહારથી જનસમુદાયને સત્યના રસ્તે દોરવાનો પ્રયાસ કર્યો છે. ભારતનું બંધારણ ભલે કાનૂની ભાષામાં લખાયેલું હોય, પરંતુ તેની આત્મા સંતોના ઉપદેશો, સંસ્કારોથી સિંચાયેલી છે, આપણા લોહીમાં સદીઓથી સંતોની વિચારસરણી વહે છે અને આ બધા સાધુસંતોના ઉપદેશો-ગુણો-આશીર્વાદ મળીને નાગરિકને જીવન પદ્ધતિ શીખવાડે છે. પ્રજાસત્તાક દિવસ આપણને માત્ર ધ્વજ વંદન કરવા નહીં, પરંતુ અંતરાત્માને વંદન કરવા પ્રેરે છે. સાચો દેશપ્રેમ એ છે કે આપણે દરેક નાગરિકને માન આપીએ, દરેક ધર્મને સન્માન આપીએ અને દરેક માનવીમાં ઈશ્વર જોઈ શકીએ. ભારતની આઝાદીની લડત માત્ર તલવાર, સભાઓ અને કાયદાઓની લડત નહોતી; તે માનસિક, નૈતિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા મેળવવાની યાત્રા હતી. સીધી રાજનીતિ નહીં, પરંતુ આત્મિક ક્રાંતિ.



સ્વામી વિવેકાનંદ : યુવાનોમાં રાષ્ટ્રભાવના અને આત્મવિશ્વાસ જગાવ્યો

સ્વામી વિવેકાનંદે યુવાનોને સંબોધીને કહ્યું: “ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો.” તેમણે ભારતને વિશ્વ સમક્ષ આધ્યાત્મિક ગુરૂ તરીકે સ્થાપિત કર્યું. મજબૂત રાષ્ટ્ર માટે મજબૂત નાગરિક જોઈએ - અને મજબૂત નાગરિક માટે નૈતિકતા અને આત્મવિશ્વાસ જરૂરી છે. આ વિચાર પ્રજાસત્તાકની સફળતાનું આધારસ્તંભ છે.

મહાત્મા ગાંધી : રાજકારણમાં આધ્યાત્મિકતા

મહાત્મા ગાંધીએ સાબિત કર્યું કે આધ્યાત્મિકતા માત્ર સંન્યાસીઓ માટે નથી; તે રાજકારણને પણ પવિત્ર બનાવી શકે છે. અહિંસા, સત્ય અને સેવા - આ ત્રણે ગુણો ગાંધીજીના જીવનમાં અને આપણા બંધારણના મૂલ્યોમાં એકસાથે ઝળહળે છે. પ્રજાસત્તાક દિવસ એ યાદ અપાવે છે કે સત્તા કરતાં સંસ્કાર મોટા હોય છે.

સંત કબીર : ભેદભાવ વિરૂધ્ધ ક્રાંતિ

સંત કબીરે પોતાના દોહાઓ દ્વારા સમાજને અરીસો બતાવ્યો. તેમણે ધર્મના નામે ચાલતા ઢોંગ અને અંધશ્રદ્ધાનો વિરોધ કર્યો. “જાત ન પૂછો સાધુની” આ એક પંક્તિમાં જ સમાનતા અને માનવ ગૌરવનું મૂળ તત્વ સમાયેલું છે. પ્રજાસત્તાકના મૂલ્યોમાં જે નિષ્પક્ષતા અને સમાન અધિકારની વાત છે, એ કબીરના વચનોમાં સદીઓ પહેલાંથી જ ગુંજતી હતી.

સંત તુકારામ : ન્યાય અને કરૂણાનો અવાજ

સંત તુકારામના અભંગોમાં સામાન્ય જનજીવનનું દુઃખ છલકાય છે. તેમણે ભગવાનને મંદિરની દીવાલોમાં નહીં, પરંતુ ગરીબ, પીડિત અને શોષિતમાં જોયા. પ્રજાસત્તાકનું “ન્યાય” માત્ર કાયદામાં નહીં, પરંતુ હૃદયમાં કરૂણાથી જીવંત રહે – એ સંદેશ તુકારામે આપ્યો.

ગુરૂ નાનક દેવ : સર્વધર્મ સમભાવ

ગુરૂ નાનક દેવએ “એક ઓંકાર” દ્વારા સમગ્ર માનવજાતને એક સૂત્રમાં બાંધી. તેમનું જીવન સંદેશ આપે છે કે ધર્મ માનવને જોડવા માટે છે, તોડવા માટે નહીં. પ્રજાસત્તાક ભારતનું સર્વધર્મ સમભાવનું સિદ્ધાંત ગુરૂ નાનકના વિચારોનું જ વિસ્તૃત સ્વરૂપ છે.

શિર્ડી સાંઈબાબા : માનવએકતા અને નૈતિક મૂલ્યો દ્વારા પરોક્ષ પ્રેરણા

એમના સમયમાં ભારત પર બ્રિટિશ શાસન હતું, પરંતુ સાંઈબાબાએ ક્યારેય ખુલ્લી રીતે રાજકીય ભાષણો કે આંદોલનો કર્યા નથી. તેમ છતાં, તેમણે જે કાર્ય કર્યું તે આઝાદી માટેની જમીન તૈયાર કરનારું હતું. તેમણે માનવીને ભય, અંધશ્રદ્ધા, ભેદભાવ અને પરાધીન માનસિકતાથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો. તેમણે પોતાના વર્તનથી આઝાદીની પૂર્વભૂમિકા માટે જનસમુદાયને માનસિક - શારીરિક રીતે તૈયાર કર્યો. હિંદુ-મુસ્લિમ એકતાનું જીવંત પ્રતીક, રામનવમી અને ઉરસની એકસાથે ઉજવણી, કુરાન અને રામાયણ બંનેનો સન્માન, ભયમુકિત, શ્રધ્ધા-સબુરી ના અમૂલ્ય સૂત્રોથી વિશ્વાસ જગાડયો, સેવા અને સમાનતાના સંસ્કારથી શિર્ડીમાં કોઈ ઊંચ-નીચ નહોતું. રાજા હોય કે ગરીબ, બ્રાહ્મણ હોય કે ફકીર - સૌ એક જ સાથે બેસી જમતા, સત્સંગ કરતા, સેવાકાર્યો કરતા. સ્વદેશી વિચારધારાનું બીજ સાથે તેઓએ સાદગી, સંયમ અને આત્મનિર્ભરતા પર તેમણે ભાર મૂક્યો. સાંઈબાબાની દૃષ્ટિએ સાચી આઝાદી બહારની નહીં, અંદરની છે. કામ,ક્રોધ, લોભ, મદ, મોહથી મુકિત.

શ્રી ગજાનન મહારાજ અને લોકમાન્ય તિલક : આઝાદી માટેનું આધ્યાત્મિક રાષ્ટ્રીય સહકાર

લોકમાન્ય તિલક “સ્વરાજ્ય हा माझा जन्मसिद्ध हक्क आहे” જેવી ઘોષણાથી જનતામાં રાજકીય ચેતના જગાવી રહ્યા હતા, તો બીજી તરફ શ્રી ગજાનન મહારાજ લોકોમાં ભયમુક્તિ, ધૈર્ય અને આત્મવિશ્વાસનું સંસ્કાર સિંચી રહ્યા હતા. બંનેના માર્ગ અલગ હતા, પરંતુ લક્ષ્ય એક જ –ભારતની મુક્તિ. લોકમાન્ય તિલકનો શ્રી ગજાનન મહારાજ પ્રત્યે વિશેષ આદર હતો. શેગાંવના સંત તરીકે મહારાજની ખ્યાતિ દૂરદૂર સુધી ફેલાયેલી હતી. તિલક જેવા રાષ્ટ્રનિર્માતા માટે આદરનું કારણ મહારાજની અડગ નિર્ભયતા અને જનસામાન્ય પર પડતો ઊંડો પ્રભાવ હતો. તેમણે રાષ્ટ્રજાગૃતિમાં સંતસમાજ સાથે સેતુ રચ્યો. બ્રિટિશ શાસનની સૌથી મોટી તાકાત હતી ભારતીયોમાં ભરેલો ભય. શ્રી ગજાનન મહારાજે પોતાના જીવનથી બતાવ્યું કે “જે ઈશ્વર પર નિર્ભર છે, તેને કોઈ સત્તા દબાવી શકતી નથી.” આ ભયમુક્તિ જ તિલકના સ્વરાજ્યના વિચારને જનમાનસમાં જીવંત બનાવતી હતી. આમ, મહારાજે માનસિક ગુલામી તોડી અને તિલકે રાજકીય ગુલામી સામે લડત આપી – બંને એક જ યજ્ઞના બે અગ્નિકુંડ હતા. લોકમાન્ય તિલકે પણ ગણેશોત્સવ અને શિવાજી ઉત્સવ જેવા જાહેર ઉત્સવો દ્વારા સમાજને એકત્રિત કર્યો. એક તરફ મહારાજે ભારતને અંદરથી આઝાદ બનવાની શક્તિ આપી, બીજી તરફ તિલકે આ શક્તિને સ્વરાજ્યના સંઘર્ષમાં રૂપાંતરિત કરી.



શ્રી રંગ અવધૂત મહારાજ - મૌન એ જ મજબુત શસ્ત્ર

અવધૂત એટલે જે કોઈ સત્તા, બંધન કે ભયથી બંધાયેલો નથી. આવો સંત પોતે જ આઝાદીનો જીવંત પ્રતીક બને છે. શ્રી રંગ અવધૂત મહારાજે સ્પષ્ટ રીતે શીખવ્યું કે “જે પોતાને ઓળખે છે, તેને કોઈ ગુલામ બનાવી શકતું નથી.” આ ઉપદેશ સીધો રાજકીય ન લાગ્યો હોય, પરંતુ તેનો પ્રભાવ અત્યંત ઊંડો હતો. તેમણે લોકોને સમજાવ્યું કે પરતંત્રતા પહેલા મનમાં જન્મે છે.

ભય, લાલચ, અહંકાર આ ત્રણ શૃંખલાઓ તૂટે, ત્યારે જ સાચી આઝાદી શક્ય બને. તેઓ હંમેશા મૌન રહેવા કહેતા કારણ, મૌનથી અસરકારક ક્રાંતિ લાવી શકાય છે. શ્રી રંગ અવધૂત મહારાજે વૈભવ અને સત્તાનો ત્યાગ કર્યો હતો. તેમનું જીવન સંદેશ આપતું હતું – ઓછી જરૂરિયાતમાં સંતોષ, આત્મનિર્ભરતા, પરોપકાર અને સેવા...

આઝાદીની ચળવળમાં પોતાનું યોગદાન આપતા અન્ય સંતો જેમકે,

શ્રી અરવિંદ - ક્રાંતિકારી વિચારો અને આધ્યાત્મિક રાષ્ટ્રવાદ

સંત ગાડગે મહારાજ - સમાજસેવા, સ્વચ્છતા અને જાગૃતિ

સ્વામી સહજાનંદ સરસ્વતી - ખેડૂત આંદોલન દ્વારા બ્રિટિશ શાસન સામે સંગઠન; કિસાનસભાની સ્થાપના.

સ્વામી શ્રદ્ધાનંદ - આર્યસમાજ દ્વારા રાષ્ટ્રભાવના, શિક્ષણ અને સામાજિક સુધારા; ગાંધીજી સાથે સહકાર.

સ્વામી અખંડાનંદ - ગ્રામસેવા અને જનજાગૃતિ દ્વારા રાષ્ટ્રનિર્માણ.

બાબા રામચંદ્ર - અવધ વિસ્તારમાં ખેડૂત આંદોલનઃ બ્રિટિશ કરવ્યવસ્થા સામે બળવો.

નરસિંહ મહેતા - ભક્તિ, સમાનતા અને માનવતા દ્વારા સામાજિક એકતા (પરોક્ષ પ્રેરણા).

સંત રવિદાસ - જાતિવ્યવસ્થા સામે વિચારધારા; સામાજિક સમરસતા.

સ્વામી દયાનંદ સરસ્વતી - સ્વદેશી વિચાર, વેદિક સ્વાભિમાન અને વિદેશી શાસનનો વિરોધ.

સ્વામી અદ્વૈતાનંદ - સંન્યાસી જીવન દ્વારા સ્વરાજ્ય અને સ્વાભિમાનની ભાવના

સ્વામી વિદ્યાનંદ - જૈન સંત તરીકે અહિંસા અને દેશભક્તિનો સંદેશ

આચાર્ય કૃપલાણી - ગાંધીજીના સહયોગી; આશ્રમ આંદોલન અને સ્વાતંત્ર્ય સંગ્રામ

સ્વામી નિખિલાનંદ - રામકૃષ્ણ મિશન દ્વારા રાષ્ટ્રીય ચેતના

સ્વામી કરપાત્રી - ધર્મ અને રાષ્ટ્રની રક્ષા માટે સક્રિય વિચારધારા

બાબા ભેગા – આદિવાસી વિસ્તારોમાં બ્રિટિશ શાસન સામે ચેતના

સંત સિંગાજી - લોકધર્મ અને સામાજિક એકતાનો સંદેશ

સ્વામી સચ્ચિદાનંદ - સંન્યાસીઓમાં દેશસેવાનો વિચાર

આ સૌ દિવ્ય આત્માઓને શતઃ શતઃ વંદન.



"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER



Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# “જીવનમાં જોખમ લો. જો તમે જીતશો તો નેતૃત્વ કરી શકશો, અને જો હારશો તો માર્ગદર્શન આપી શકશો.”

લેખક : પરેશ શાહ, વડોદરા

ઉપર ની પંક્તિ જીવનમાં સાહસ અને સકારાત્મક દ્રષ્ટિકોણનું સુંદર નિરૂપણ કરે છે. તે આપણને સમજાવે છે કે સફળતા અને નિષ્ફળતા એ સિક્કાની બે બાજુઓ છે, અને બંને સ્થિતિમાં વ્યક્તિ કંઈક મૂલ્યવાન પ્રાપ્ત કરે છે.

### જોખમ: સફળતાનો પાયો

ઘણીવાર આપણે નિષ્ફળતાના ડરથી પગલું ભરતા અચકાતા હોઈએ છીએ. પરંતુ, જે વ્યક્તિ જોખમ ખેડવાની હિંમત કરે છે, તે જ દુનિયાને નવો રાહ ચીંધી શકે છે. જો તમે તમારા પ્રયત્નમાં સફળ થાઓ છો, તો તમે એક નેતા તરીકે ઉભરી આવો છો. તમારી સફળતા અન્ય લોકો માટે પ્રેરણા બને છે અને તમે સમાજ કે કાર્યક્ષેત્રમાં નેતૃત્વ કરી શકો છો.

### હારમાં છુપાયેલું જ્ઞાન

જો તમે નિષ્ફળ જાઓ છો, તો તે અંત નથી. હાર આપણને એ શીખવે છે કે કઈ ભૂલોને કારણે આપણે લક્ષ્ય સુધી ન પહોંચી શક્યા. આ અનુભવ તમને એક ઉત્તમ માર્ગદર્શક બનાવે છે. તમે બીજાને એ જણાવી શકો છો કે કયા રસ્તે ચાલવાથી ખાડા આવશે, જેથી તેઓ એ ભૂલ ન દોહરાવે.

### એક પ્રેરણાદાયી ઉદાહરણ

વિચાર કરો કે એક યુવાન પોતાનો નવો વ્યવસાય શરૂ કરવાનું જોખમ લે છે.

જો તે સફળ થાયઃ તો તે સેંકડો લોકોને રોજગારી આપશે અને ઉદ્યોગ જગતમાં નેતૃત્વ કરશે.

જો તે નિષ્ફળ થાય તો તેની પાસે બજાર, વ્યવહાર અને વ્યૂહરચનાનો જે અનુભવ હશે, તે અનુભવ દ્વારા તે અન્ય નવા યુવાનોને સાચો રસ્તો બતાવી શકશે.

જીવનમાં સ્થિર રહીને કંઈ ન કરવા કરતાં, જોખમ લઈને કંઈક શીખવું વધુ બહેતર છે. જીત તમને હોદ્દો આપે છે, જ્યારે હાર તમને અનુભવનું ભાથું આપે છે. બંને પરિસ્થિતિમાં તમારું વ્યક્તિત્વ તો ખીલે જ છે.






તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

scan me

અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

## Winter 2025-26 PACKAGE

- ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ — 17 રાત્રિ - 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 20 જાન્યુઆરી 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
- ન્યુઝીલેન્ડ — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 08 રાત્રિ - 09 દિવસ — 29 જાન્યુઆરી, 03 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 09 રાત્રિ - 10 દિવસ — 19 ફેબ્રુઆરી
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ — 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
- અઝરબૈજાન — 06 રાત્રિ - 07 દિવસ — 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
- વિયેતનામ વિથ ફુકોક — 09 રાત્રિ - 10 દિવસ — 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
- વરસેટાઇલ વિયેતનામ — 08 રાત્રિ - 09 દિવસ — 20 ફેબ્રુઆરી 02 માર્ચ
- શ્રીલંકા — 07 રાત્રિ - 08 દિવસ — 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
- આઈસલેન્ડ — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ

## Summer 2026 PACKAGE

- ચેરી બ્લોસમ જાપાન — 09 રાત્રિ - 10 દિવસ — 22, 27, 30 માર્ચ
- જાપાન વિથ અલ્પાઈન રુટ — 10 રાત્રિ - 11 દિવસ — 19,29 મે 10,22 જૂન
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ: 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ: 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ: 14, 28 મે
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 04 એપ્રિલ 02 ,15,28 મે
- ન્યુઝીલેન્ડ — 12 રાત્રિ - 13 દિવસ — 01 એપ્રિલ 03, 07, 22 મે
- વેસ્ટ & ઈસ્ટ અમેરિકા — 12 રાત્રિ 13 દિવસ — 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
- અમેરિકન વંડર — 19 રાત્રિ - 20 દિવસ — 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
- અમેરિકન ડિસ્કવરી — 23 રાત્રિ - 24 દિવસ — 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
- અમેઝિંગ અમેરિકા — 15 રાત્રિ - 16 દિવસ — 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
- કેનેડિયન રોકીસ — 09 રાત્રિ - 10 દિવસ — 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
- યુરોપ યાત્રા — 18 રાત્રિ - 19 દિવસ — 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
- યુનિક યુરોપ — 15 રાત્રિ - 16 દિવસ — 26 મે 15 જૂન 13 જુલાઈ
- યુરોપીઅન ડ્રીમ્સ — 12 રાત્રિ - 13 દિવસ — 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
- સિનિક સ્કેન્ડીનેવીયા — 12 રાત્રિ - 13 દિવસ — 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
- યુકે વિથ આયર્લેન્ડ — 10 રાત્રિ - 11 દિવસ — 14 મે 15 જુલાઈ
- પેનોરમિક યુરોપ — 09 રાત્રિ - 10 દિવસ — 21 મે 21 જૂન
- ડિસ્કવર ઓસ્ટ્રેલિયા — 12 રાત્રિ - 13 દિવસ — 30 એપ્રિલ

યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313

**હેડ ઓફિસ** એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# ઘન લગ્ન : સ્વભાવ, ભાગ્ય અને જીવનફળ



જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા






આ અંકમાં આપણે ઘન લગ્ન વિશે વાત કરીશું.

ઘન લગ્નનો અધિપતિ ગુરુ મહારાજ થાય છે. 2026ના નવા વર્ષની સર્વે વાંચકોને અમારા લેખકો, તંત્રીસાહેબ તથા પેપરને સેતલ કરનારા તમામ સભ્યો તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

ઘન લગ્નમાં જન્મનારા જાતકો એકંદરે પ્રભાવશાળી દેહકૃતિ ધરાવનારા, માંસલ શરીરવાળા, કાર્યકુશળ, ધર્મનિષ્ઠ તેમજ બ્રાહ્મણો અને દેવતાઓનો આદર-સત્કાર કરનારા હોય છે. સ્ત્રી જાતકો ક્યારેક પુરુષસમાન દેખાવવાળી પણ હોય છે. સત્વગુણી, ડાહ્યા, કોકાસૂઝવાળા આવા જાતકો સામાન્ય રીતે તંદુરસ્તી સારી ધરાવે છે.

મર્મજ્ઞ, સત્યનિષ્ઠ, પંડિત, યશસ્વી, વિશાળદ્રષ્ટિવાળા, પ્રેમાળ તથા વર્તનથી હંમેશા આકર્ષણ પેદા કરનારા હોય છે. કવિ અને લેખક જેવા વ્યવસાયમાં રસ ધરાવતા આવા જાતકો સારું મિત્રમંડળ ધરાવે છે. મિત્રો માટે તેઓ હંમેશા મદદરૂપ થવાની ઈચ્છાવાળા હોય છે. રાજ્ય કે દેશ તરફથી સન્માનિત અને સારા હોદ્દા પ્રાપ્ત કરનારા આવા જાતકોનો ભાગ્યોદય સામાન્ય રીતે 22 કે 23 વર્ષની ઉંમરે શરૂ થાય છે.


આ જાતકો પ્રવાસના શોખીન, ઓછી સંતતિવાળા, ન્યાયી તથા કાયદાને માન આપનારા હોય છે. તેમની આંખોમાં ભાવનાની અભિવ્યક્તિ દેખાય છે. સુંદર દંતપંક્તિ ધરાવનારા આવા જાતકો દેખાવડા હોય છે. તેઓ આયામિક તથા તત્ત્વહિત વિષયક સાહિત્યમાં વિશેષ રૂચિ ધરાવે છે. રૂઢિચુસ્ત હોવા છતાં બોધછોડની વૃત્તિવાળા હોય છે.

ઘન લગ્નમાં જન્મેલાઓ તુચ્છપ્રધાન પ્રકૃતિ ધરાવે છે, પરંતુ સંશોધનવૃત્તિ અને કઠોર સ્વભાવ તેમને જીવનમાં ચોક્કસ સફળતા અપાવે છે. સત્વગુણી સ્વભાવના કારણે તેઓ જીવનની ચઢતી-પડતીમાં સ્થિર રહી માનસિક સ્વસ્થતા જાળવી શકે છે.

પુસ્તક માન સાગરી મુજબ ઘન લગ્નમાં જન્મનાર સ્ત્રી જાતક બુદ્ધિવાન, શાંત સ્વભાવની, લોકપ્રિય તથા મહત્વકાંક્ષી હોય છે. આ જાતકો બાલ્યાવસ્થામાં સુખી રહે છે, મધ્યાવસ્થા સામાન્ય રહે છે, પરંતુ જીવનના અંતિમ તબક્કામાં આવા જાતકો ઐશ્વર્યવાન, ધનવાન અને સુખી જીવન જીવે છે. તેમને વાહનસુખ પણ પ્રાપ્ત થાય છે.

વિવિધ કળાઓ આત્મસાત કરનારા આ લગ્નના જાતકોને આમવાત, ગૃધ્રસી (સાયટિકા), રાજણ, સોધા તથા સાથળના વાયુજન્ય રોગો થવાની શક્યતા રહે છે.

હવે ઘન લગ્નના ગ્રહફળની વાત કરીએ તો સૂર્ય ભાગ્યકારક બને છે. મંગળ પંચમેશ તરીકે શુભ ફળ આપે છે. ચંદ્ર ગુણતટસ્થ રહે છે. પરંતુ બુધ, શુક્ર અને શનિ મહારાજ જો સ્થાનબળહીન હોય તો અશુભ ફળપ્રદાન કરે છે. સદાચારિત, ધર્માત્મા


## હરિધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા માટે વેબસાઈટ પર જઈ એન્ટ્રી કરી શકો છો




## યોગી ડિવાઈન સોસાયટી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત

# સર્વાઈકલ કેન્સરઃ પેપ સ્મીઅર ટેસ્ટ કરાવો, દિકરીઓને વેક્સિન મૂકાવો

સર્વાઈકલ કેન્સર એ એકમાત્ર એવું કેન્સર છે જેની વેક્સિન ઉપલબ્ધ છે. જો નિયમિત પેપ સ્મેર ટેસ્ટ કરાવવામાં આવે તો આ કેન્સરનું નિદાન સમય કરતા વહેલું થઈ શકે છે-પણ હજીપણ આ વિશે હોવી જોઇએ એવી જાગૃતિ નથી.

આ કેન્સરથી બચવાનો સૌથી સારો રસ્તો સમયસર પેપ સ્મીયર ટેસ્ટ અને HPV વેક્સિન લેવી તે છે. આજે આપણે વાત કરીશું આ કેન્સરને કેવી રીતે અટકાવવું અને શરૂઆતમાં જ તેને કેવી રીતે ઓળખવું.



લેખકઃ ડોક્ટર નિકુંજભાઈ વિઠલાણી, કેન્સર સ્પેશિયાલિસ્ટ, સુરત-ગુજરાત

### પેપ સ્મીયર ટેસ્ટ

પેપ સ્મીયર ટેસ્ટને સર્વાઈકલ કેન્સરની તપાસ માટે સૌથી મહત્વનો ટેસ્ટ માનવામાં આવે છે. આ ટેસ્ટ કેન્સર થાય તે પહેલાં જ ગર્ભાશયના મુખની કોશિકાઓમાં થતા અસામાન્ય ફેરફારોને ઓળખી લે છે.

### આ ટેસ્ટ ક્યારે કરાવવો જોઇએ?

● 21 વર્ષ પછી દરેક મહિલાએ આ ટેસ્ટ નિયમિત કરાવવો જોઈએ. ● સામાન્ય રીતે દર 3 વર્ષે એકવાર આ તપાસ કરાવવી પૂરતી છે. ● આ ટેસ્ટ એકદમ સુરક્ષિત છે, અને તેમાં ખાસ દુખાવો થતો નથી. ● પેપ સ્મીયરની સૌથી મોટી ખાસિયત એ છે કે તે કેન્સરને શરૂઆતના સ્ટેજમાં જ પકડી લે, જેથી ઈલાજ સરળ, સસ્તો અને વધુ સફળ રહે છે.

### HPV વેક્સિનઃ

પેપ સ્મીયર બીમારીને ઓળખવામાં મદદ કરે છે, જ્યારે HPV વેક્સિન આ કેન્સરને થતું જ અટકાવે છે.

9 થી 14 વર્ષની ઉંમરમાં આ વેક્સિન સૌથી વધુ અસરકારક સાબિત થાય છે.

-જોકે, 15 થી 26 વર્ષ સુધીની ઉંમર સુધી પણ આ વેક્સિન લઈ શકાય છે.

-આ રસી સર્વાઈકલ કેન્સરના મોટાભાગના કેસો સામે રક્ષણ આપે છે.

આ વેક્સિન એકદમ સુરક્ષિત છે અને તેની ફર્ટિલિટી કે હોર્મોન્સ પર કોઈ ખરાબ અસર પડતી નથી.

### શું કરશો?

-પેપ સ્મીયર ટેસ્ટને મહિલાઓએ પોતાની રેગ્યુલર ચેકઅપનો ભાગ બનાવવો જોઈએ.

-સ્કૂલો અને સમાજમાં HPV વેક્સિન વિશે જાગૃતિ વધારવી જોઈએ.

-માતાઓએ પોતાની દીકરીઓના સુરક્ષિત ભવિષ્ય માટે વેક્સિનેશનને પ્રાથમિકતા આપવી જોઈએ.

# 26 જાન્યુઆરીએ દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી યોજાશે

ભારતનો 77મો પ્રજાસત્તાક દિવસ આગામી 26 જાન્યુઆરી 2026ના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રભક્તિ અને ગૌરવભાવ સાથે ઉજવવામાં આવશે. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્તરે મુખ્ય કાર્યક્રમ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાશે, જ્યાં રાષ્ટ્રપતિના હસ્તે ધ્વજવંદન સાથે ભવ્ય સૈન્ય પરેડ યોજાનાર છે. કર્તવ્ય પથ પર યોજાનારી પરેડમાં ભારતીય થલસેના, નૌકાદળ અને વાયુસેનાના દળો ભાગ લેશે. પરેડ દરમિયાન દેશની સૈન્ય શક્તિ, શિસ્ત અને શૌર્યનું પ્રદર્શન કરવામાં આવશે. સાથે સાથે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રંગબેરંગી સાંસ્કૃતિક ઝાંખીઓ દ્વારા ભારતની સંસ્કૃતિ, પરંપરા અને વિકાસયાત્રાને રજૂ કરવામાં આવશે. પરેડના અંતિમ તબક્કામાં ભારતીય વાયુસેનાનો આકાશી ફ્લાયપાસ્ટ ખાસ આકર્ષણ રહેશે. પ્રજાસત્તાક દિવસ 2026 માટેના મુખ્ય મહેમાન અંગે હજી સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, જોકે દર વર્ષની પરંપરા મુજબ વિદેશી મહાનુભાવની હાજરી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં રાજ્યસ્તરીય પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે યોજાશે. અહીં રાજ્યપાલ અને મુખ્યમંત્રીની હાજરીમાં ધ્વજારોહણ, પરેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. રાજ્યના તમામ જિલ્લાઓ, તાલુકાઓ, શાળા-કોલેજો અને સરકારી કચેરીઓમાં પણ ધ્વજવંદન સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવશે.

પ્રજાસત્તાક દિવસના અવસરે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખી દેશભરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સાથે સાથે નાગરિકોને રાષ્ટ્રીય એકતા, બંધારણીય મૂલ્યો અને ફરજ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે.



# પ્રજાસત્તાક દિવસ -૨૬ જાન્યુઆરી




લેખકઃ ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી, કેનેડા

ભારત એ સાર્વભૌમ, સમાજવાદી, બિન સાંપ્રદાયિક દેશ છે. સમગ્ર ભારત માં પ્રજાસત્તાક દિવસ ૨૬ મી જાન્યુઆરી એ ખૂબ ધામધૂમ થી ઉજવવામાં આવે છે. અનેક સ્વાતંત્યસંગ્રામો, સત્યાગ્રહ, અને મા ભારત ના અનેક સપૂતો ના બલિદાન પછી ભારત ને ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ આઝાદી મળી. ભારત બ્રિટિશ રાજ્ય ની ગુલામી ની ઝંઝીર માંથી મુક્ત થયું, પણ ભારત નું પોતાનું બંધારણ હતું નહીં. ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ ભારત નું બંધારણ અસ્તિત્વ માં આવ્યું. ૨૬ જાન્યુઆરી એ પૂર્ણ સ્વરાજ જાહેર થયું. પ્રજાસત્તાક એટલે જનતા માટે જનતા દ્વારા શાસન. ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકર ના અદયક્ષપદે બંધારણ સમિતિ ની રચના કરવામાં આવી. ભારત નું બંધારણ ઘડવા વિશ્વ ના ૬૦ દેશો ના બંધારણ નો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને જે દેશ ની શ્રેષ્ઠ વસ્તુ હતી તે સ્વીકારી અપનાવવામાં આવી હતી.બંધારણ નિર્માણ સમિતિ માં ૨૮૪ સભ્યો હતા.બંધારણ સમિતિએ ૨ વર્ષ, ૧૧ મહિના, ૧૮ દિવસ માં પોતાનું કાર્ય પૂર્ણ કરેલ. ભારત ના બંધારણ ને ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ મજૂરી મળી. આ દિવસને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવેછે.ભારત માં બંધારણ નો સંપૂર્ણ અમલ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી થયો તેથી આ દિવસને પ્રજાસત્તાક દિવસ તરીકે ઓળખવામાં આવે છે.૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ સવારે ૧૦.૦૦ વાગે અને ૧૮ મિનિટે ભારત નું બંધારણ અમલ માં મુકાયું. ભારત ને સ્વતંત્ર બનાવવા પંડિત જવાહરલાલ નહેરૂ ની અધ્યક્ષતા માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ૧૯૨૯ માં અસ્તિત્વ માં આવેલ. આઝાદી માટે સક્રિય આંદોલન થયું. બ્રિટિશ સરકાર ભારત ને ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ સુધીમાં ઉપનિવેશ નું પદ નહીં આપે તો ભારત પોતાને સંપૂર્ણ સ્વતંત્ર બનાવશે. એટલે જ ૨૬ જાન્યુઆરી નું પ્રજાસત્તાક દિવસ તરીકે વિશેષ મહત્વ છે. ભારત નું બંધારણ એ વિશ્વ નું સૌથી મોટું દસ્તાવેજી લેખિત બંધારણ છે.

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે સાચા અર્થ માં ભારત આઝાદ થયું અને પૂર્ણ સ્વરાજ મળ્યું. બ્રિટિશ રાજ્ય ભારત માંથી ખત્મ થયું અને ભારત લોકશાહી દેશ બન્યો. ૨૬ જાન્યુઆરી નો દિવસ એ રાષ્ટ્રીય તહેવાર છે. દર વર્ષે ધર્મ, જ્ઞાતિ, જાતિ અને ભાષા ના ભેદભાવ સિવાય આબાલવૃદ્ધ સૌ કોઈ આનંદ થી ખુશી નો આ તહેવાર મનાવે છે. આ દિવસે સમગ્ર ભારત માં જાહેર રજા હોય છે. ભારત ના રાષ્ટ્રપતિ રાજપથ, નવી દિલ્હી થી ભારત નો રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવે છે. ૨૧ બંદૂક થી સલામી અપાય છે. રાષ્ટ્રગીત ગવાય છે. ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે ભારત ના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી ડો. રાજેન્દ્રપ્રસાદે ૨૧ બંદૂક ની સલામી સાથે રાષ્ટ્રધ્વજ ને લહેરાવી ભારત ને સંપૂર્ણ પ્રજાસત્તાક જાહેર કર્યું હતું.ભારત ઉપરાંત વિદેશ માં દૂતાવાસો અને ભારતીય નાગરિકો ખૂબ જ હર્ષોલ્લાસ અને આનંદ થી આ દિવસ ને ઉજવે છે. દેશના સૈનિકો વિવિધ પ્રકારના શસ્ત્રો, મિસાઈલો, ટેન્કો વગેરે નું પ્રદશન કરે છે. આધુનિક સૈન્ય ક્ષમતા નું પ્રદર્શન થાય છે. વિવિધ રાજ્ય તરફ થી આકર્ષક ટેબ્લો રજૂ કરી તેમની ભવ્યતા અને સંસ્કૃતિ નું પ્રદર્શન કરે છે. શાળા મહાશાળા માં પરેડ અને અન્ય કાર્યક્રમો યોજાય છે. બાળકો ને મીઠાઈ વહેંચાય છે.સરકારી ઓફિસો અને જાહેર સંસ્થાઓ પણ ધ્વજવંદન નો કાર્યક્રમ યોજે છે. આજનો દિવસ આનંદ ના દિવસ કરતા સમર્પિત કરવાનો દિવસ છે. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, વીર સાવરકર, સુભાષચંદ્ર બોઝ, લોકમાન્ય તિલક, અને ચંદ્રશેખર આઝાદ જેવા અનેકે મા ભોમ ની રક્ષા કાજે અને ભારત ને સ્વતંત્ર કરવા બલિદાન આપેલ છે. તેઓને આજે યાદ કરી તેમને શ્રધાંજલિ આપવા નો દિવસ છે. દરેક ભારતીય નાગરિક ની પવિત્ર ફરજ છે કે ભારત ના ત્રિરંગા ની આન, બાન, અને શાન જાળવે અને મળેલી આઝાદી નું જતન કરે... જય હિંદ... જય ભારત...

Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan

- New To Canada
- Self Employed
- High Networth
- Student Rental
- Business For Self
- 1st & 2nd Mortgage
- Medical Professionals
- Debt Consolidation
- First Time Home Buyers
- Spousal Buyout
- Airbnb Properties
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App



Let's talk! Your FREE consultation awaits.
Call Today: 647-893-1311
Dhavalkumar Patel
Mortgage Agent Level 2
@yourmortgagepoint
MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8
Please Don't drink and drive — your loved ones are waiting for you.


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc. BROKERAGE Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
Valentine's
NITE
DINNER & DANCE PARTY
Kuchh Na Kaho
SUNNY
SRIJEET
MRINALI
SPECIAL BOLLYWOOD DANCE PERFORMANCE BY DHRUV & PARI
DATE : SATURDAY, FEB 14, 2026
@ 6.30 PM ONWARDS...
APPETIZERS : 7.00 PM TO 8.00 PM
DINNER & DESSERTS : 10:30 PM
Mouth Watering Appetizers
Veg & Non-Veg Delicious Gala Dinner
Yummy Desserts
Live Singing of Bollywood Songs
Cash Bar: All Major Brands Available
Bollywood & Belly Dancers
Amazing DJ, Great Sound System
Open Dance Floor
Beautiful Modern DISCO Lighting
Lucky Draw
Free Soft Drinks, Tea, Coffee
Free Parking
CASH BAR
(All major brands Available)
REGULAR PER PERSON $55
TABLE OF 8 PEOPLE $400
VIP PER PERSON $75
TABLE OF 8 PEOPLE $550
VENUE : SPERANZA BANQUET & CONVENTION CENTRE 510-A, DEERHURST DRIVE, BRAMPTON, ON, L6T 5H9 (QUEEN/GOREWAY)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents